અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૪ એપ્રિલ ૨૦૨૪, બુધવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર વદ ૧ | અંક : ૨૬૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭33 e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# કોંગ્રેસના રાજમાં હનુમાન ચાલીસા સાંભળવી પણ ગુનો ગણાય છે : પીએમ મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનમાં એક રેલી દરમિયાન કહ્યું કે કોંગ્રેસ હંમેશા એસસી, એસટીના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરે છે





। (એજન્સી) સવાઈ માધોપુર, તા.૨૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક ચૂંટણી રેલીમાં આરોપ કર્યો હતો કે કોંગ્રેસના રાજમાં હનુમાન ચાલીસા સાંભળવી પણ અપરાધ બની જાય છે. તેમણે કોંગ્રેસ પર તીખા આરોપો કરવાનું ચાલુ રાખ્યું હતું અને કહ્યું કે કોંગ્રેસ હંમેશા એસસી, એસટીના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરે છે. તેમણે કહ્યું કે હું બાબા સાહેબ આંબેડકરને પૂજું છું. આ દેશમાં કોંગ્રેસ જાતિના નામે નહીં, પરંતુ ધર્મના નામે અનામત આપવા માગતી હતી.

રાજસ્થાનમાં ટોંક- સવાઈ માધોપુર ખાતે એક ચૂંટણી સભામાં મોદીએ જણાવ્યું કે કોંગ્રેસ જે રાજ્યમાં સત્તા પર હોય ત્યાં કોઈ વ્યક્તિ હનુમાન ચાલીસા સાંભળે તો પણ તેના પર હુમલો કરવામાં આવે છે. તેમનો ઈશારો કર્ણાટક તરફ હતો જ્યાં એક દુકાનદાર પર હનુમાન ચાલીસા સાંભળવાના મુદ્દે હુમલો થયો હતો. તેમણે કહ્યું કે રાજસ્થાનના લોકો કોંગ્રેસનું શાસન સહન કરી ચૂક્યા છે. આ વર્ષે રામનવમીના દિવસે પહેલી વખત શોભાયાત્રા કાઢવામાં આવી હતી. રાજસ્થાન જેવા રાજ્યમાં જ્યાં લોકો રામ-રામનો મંત્રોચ્ચાર કરે છે ત્યાં કોંગ્રેસે રામનવમી પર પ્રતિબંધ મૂક્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે હનુમાન જયંતિએ તમારી સાથે વાત કરતી વખતે મને એક ચિત્ર યાદ આવે છે. થોડા દિવસો અગાઉ કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં એક દુકાનદારને એટલા માટે ફટકારવામાં આવ્યો કારણ કે તે દુકાનમાં બેસીને હનુમાન ચાલીસા સાંભળતો હતો. કોંગ્રેસની સરકારે રાજસ્થાનમાં સિરિયલ બ્લાસ્ટના આરોપીને બચાવવાનું પણ કામ કર્યું હતું. જો કોંગ્રેસ સત્તા પર આવશે તો તે પોતાના માટે ભ્રષ્ટાચારના નવા રસ્તા શોધી લેશે. કોંગ્રેસના શાસનમાં રાજસ્થાન મહિલા વિરુદ્ધ અપરાધોમાં નંબર વન હતું. કોંગ્રેસે વિધાનસભામાં બેશરમ થઈને કહ્યું હતું કે આ તો રાજસ્થાનની ઓળખ છે. "અરે ડૂબી મરો." મોદીએ કહ્યું કે આપણે જ્યારે જ્યારે વિભાજિત થઈએ છીએ ત્યારે દેશના દુશ્મનો તેનો ફાયદો ઉઠાવે છે. રાજસ્થાનના લોકો સુરક્ષિત દેશ અને મજબૂત સરકારનું મહત્ત્વ સમજે છે અને તમે ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપની મજબૂત સરકારને મત આપ્યો છે. તમે રાજસ્થાનમાં તમામ ૨૫ બેઠકો ભાજપને આપી છે. રાજસ્થાનમાં એકતા એ સંપત્તિ છે.

### મલેશિયામાં ૨ સૈન્ય હેલિકોપ્ટર સામ સામે હવામાં અથડાયા



। કોલા લામપુર, તા.૨૩ ।

મલેશિયામાં નેવીના બે હેલિકોપ્ટર અથડાયા. આ અકસ્માતમાં દસ લોકોના મોત થયા છે. મલેશિયાની રોયલ મલેશિયન નેવીના વાર્ષિક કાર્યક્રમના રિહર્સલ દરમિયાન બંને સૈન્ય હેલિકોપ્ટર અથડાયા હતા. નેવીનું આ રિહર્સલ મંગળવારે લુમુતના રોયલ મલેશિયન નેવી સ્ટેડિયમમાં થઈ રહ્યું હતું. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં એક હેલિકોપ્ટર બીજા હેલિકોપ્ટર સાથે અથડાતું જોઈ શકાય છે. આ બે હેલિકોપ્ટર Fennec M502-6 અને HOM M503-3 હતા. પહેલું હેલિકોપ્ટર ક્રેશ થયું અને સ્ટેડિયમની સીડીઓ પર પડ્યું જ્યારે બીજું સ્વિમિંગ પુલમાં પડ્યું.ગયા વર્ષે મલેશિયામાં ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. પરંતુ આ ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થયો હતો. મલેશિયન નૌકાદળે આ ઘટના પર એક નિવેદન જારી કરીને કહ્યું કે આ હેલિકોપ્ટર નેવીની ૯૦મી વર્ષગાંઠ પર ૩ થી ૫ મે વચ્ચે યોજાનારી સૈન્ય પરેડ માટે રિહર્સલ કરી રહ્યા હતા.

# તાઈવાનના હુઆલીન શહેર નજીક ૬.૦ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો

**ભૂકંપના આંચકાઓ મોટા પ્રમાણમાં ગ્રામીણ પૂવીય કાઉન્ટી હુઆલીન પર કેન્દ્રિત હતા, જ્યાં 3 એપ્રિલે ૭.૨ તીવ્રતાના ભૂકંપ બાદ ઓછામાં ઓછા ૧૪ લોકો મૃત્યુ પામ્યા હતા**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

તાઈવાનના હુઆલીન શહેર પાસે ૬.૦ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો છે. મળતી માહિતી મુજબ આ પહેલા પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સેન્ટ્રલ વેધર એડમિનિસ્ટ્રેશને જણાવ્યું કે સૌથી મજબૂત ભૂકંપ પૂર્વ હુઆલીનમાં આવ્યો હતો, જેની તીવ્રતા ૬.૩ હતી. ઝઉછ અનુસાર, પહેલો ભૂકંપ ૫.૫ તીવ્રતાનો હતો, રાજધાની તાઈપેઈમાં તેનો અનુભવ થયો હતો.

તાઈવાનમાં ઘણી વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં મંગળવારે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ એક પછી એક બે જોરદાર આંચકા અનુભવાયા હતા. તાઈપેઈના ડેન જિલ્લામાં રહેતા એક પ્રવાસી ઓલિવિયર બોનિફેસિયોએ જણાવ્યું કે હું મારા હાથ ધોઈ રહ્યો હતો અને અચાનક મને ચક્કર આવવા લાગ્યા. તેણે કહ્યું, ‘‘હું મારા રૂમમાં ગયો અને જોયું કે ઈમારત હલી રહી હતી. દેશના હવામાન વહીવટીતંત્રે જણાવ્યું હતું કે સોમવાર રાતથી મંગળવાર (૨૩ એપ્રિલ) ની સવાર સુધી તાઈવાનના પૂર્વ કિનારે ૮૦ થી વધુ ભૂકંપ આવ્યા હતા. તેમાંથી ૬.૩ની તીવ્રતાનો ભૂકંપ સૌથી વધુ મજબૂત હતો.

ભૂકંપ બાદ રાજધાની તાઈપેઈમાં પણ ઈમારતોમાં આંચકા અનુભવાયા હતા.ભૂકંપના આંચકાઓ મોટા પ્રમાણમાં ગ્રામીણ પૂવીય કાઉન્ટી હુઆલીન પર કેન્દ્રિત હતા, જ્યાં ૩ એપ્રિલે ૭.૨ તીવ્રતાના ભૂકંપ બાદ ઓછામાં ઓછા ૧૪ લોકો મૃત્યુ પામ્યા હતા. ત્યારથી, તાઈવાનને સેંકડો આંચકાઓ સહન કર્યા છે.અગાઉ, ૩ એપ્રિલે આવેલા ૭.૪ તીવ્રતાના ભૂકંપનું કેન્દ્ર હ્યુઆલીન હતું, જેના કારણે ભૂસ્ખલન થયું હતું. આ પછી, પર્વતીય વિસ્તારની આસપાસના રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા અને મુખ્ય શહેર હુઆલીનની ઈમારતોને ખરાબ રીતે નુકસાન થયું હતું.તેને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે આપણે પૃથ્વીની રચનાને સમજવી પડશે. પૃથ્વી ટેકટોનિક પ્લેટો પર સ્થિત છે.

### ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન ૭ મેના રોજ થશે

## ગુજરાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી-અમિત શાહ ગજવશે જાહેર સભા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

રાજ્યમાં ૭ મેના રોજ લોકસભાની ચૂંટણી માટે મતદાન થવાનું છે, ત્યારે એ પહેલા ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતું દેખાઈ રહ્યું છે. આગામી દિવસોમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. ત્યારે વડપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે. સુરતની એક બેઠકને બિનહરીફ જીત્યા બાદ ભાજપ ગુજરાતની બાકીની ૨૫ બેઠકો ઉપર મતદાન પહેલા પ્રચાર શરુ કરવાનું છે. ભાજપ તરફથી ચૂંટણી પ્રચાર માટે વડાપ્રદાન મોદી, ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવી રહ્યા છે અને અહીં જનસભાઓ ગજવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહની ગુજરાતમાં ચૂંટણી પ્રચારની તારીખો સામે આવી ગઈ છે. પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ ૨૭ એપ્રિલથી ૩ મે સુધી ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરશે.

### બાબા રામદેવને સુપ્રિમની ફટકાર

## સુપ્રીમ કોર્ટે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ ખોટી જાહેરાતને લઈને ઝાટણી કાઢી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।



આજે સુપ્રીમ કોર્ટમાં આ એલોપેથી દવાઓ સામેની જાહેરાતો અને પતંજલિ આયુર્વેદ દ્વારા કરવામાં આવતી ભ્રામક દવાઓની જાહેરાતને લઈ કોર્ટની અમાનના અંગે સુનવણી હાથ ધરવામાં આવી હતી. સુણવણી દરમ્યાન યોગગુરુ રામદેવ બાબા અને પતંજલિ આયુર્વેદના એમડી આચાર્ય બાલકૃષ્ણ કોર્ટ રૂમમાં હાજર રહ્યા હતા. જેમાં જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદીન અમાનુલ્લાહની બેંચે સુનાવણી દરમ્યાન સવાલ કર્યો હતો કે ગઈકાલે માફી કેમ દાખલ કરવામાં આવી. તે પહેલાં થઈ જવી જોઈતી હતી. ત્યારે પતંજલિના વકીલ એક કોર્ટમાં જણાવ્યું કે પતંજલિએ ૬૭ અખબારોમાં માફી માગી છે. જેના કારણે કંપનીને ૧૦ લાખ રૂપિયા નો ખર્ચો થયો છે.જો વધુ માં કોર્ટે સવાલ કર્યો કે તમે તમારી બ્રાન્ડ ની જાહેરાત આપો છો તેટલી જ કદની માફી છે? શું તમે હંમેશા આ સાઈઝની જ જાહેરાત કરો છો? પતજલીના વકીલ દ્વારા જાહેરાત પાછળ લાખો રૂપિયા ખર્ચવાની રજુઆત કરી તો કોર્ટે તેની ચિંતા નથી તેવો જવાબ આપ્યો હતો.

### અરવિંદ કેજરીવાલને ઝટકો

## દિલ્હીના મુખ્યમંત્રી સાતમી મે સુધી તિહાડ જેલમાં રહેશે

**અરવિંદ કેજરીવાલની ગયા મહિને ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી**



। નવી દિલ્હી, તા.૨૩ ।

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલ, ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના નેતા કે. કવિતા અને ચનપ્રીત સિંહની જ્યુડિશિયલ કસ્ટડી ૭ મે સુધી લંબાવી હતી. દિલ્હી લિકર પોલિસી કેસમાં ત્રણેયની કસ્ટડી ૧૪ દિવસ માટે લંબાવવામાં આવી છે. આ રીતે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ હાલ તિહાડ જેલમાં જ રહેવાના છે. કવિતાને પણ તિહાડ જેલમાં રાખવામાં આવ્યા છે. રાઉસ એવન્યુ કોર્ટે CBI કેસમાં કવિતાની જ્યુડિશિયલ કસ્ટડી વધારી દીધી છે, જે દિલ્હી લિકર પોલિસી સાથે સંબંધિત છે. કેજરીવાલ, કવિતા અને ચનપ્રીતને વીડિયો કોન્ફરન્સ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અરવિંદ કેજરીવાલની ગયા મહિને ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. એ જ રીતે કેજરીવાલની ધરપકડના લગભગ એક અઠવાડિયા પહેલા ઈદ્ધએ કવિતાની હૈદરાબાદથી ૧૫ માર્ચે ધરપકડ કરી હતી. ચનપ્રીતની ૧૫ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી.

જ્યુડિશિયલ કસ્ટડી વધારવાનો નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે કોર્ટે આમ આદમી પાર્ટીના વડાની એક અરજીને ફગાવી દીધી હતી. આમાં કેજરીવાલે માંગ કરી હતી કે તેમને તેમની પત્ની સુનીતા કેજરીવાલની હાજરીમાં દરરોજ ૧૫ મિનિટ માટે તેમના ડૉક્ટરો સાથે તબીબી સલાહ લેવાની મંજૂરી આપવામાં આવે. જો કે, કોર્ટે નિર્દેશ આપ્યો કે કેજરીવાલને જરૂરી તબીબી સારવાર આપવામાં આવે.

કોર્ટે એમ પણ કહ્યું હતું કે તિહાડ જેલ સત્તાવાળાઓ એઈમ્સના નિર્દેશક દ્વારા રચાયેલ મેડિકલ બોર્ડની નિમણૂક કરશે, જેમાં એન્ડોક્રિનોલોજિસ્ટ અને ડાયાબિટોલોજિસ્ટનો સમાવેશ થશે. બોર્ડ નક્કી કરશે કે કેજરીવાલના લોહીમાં ગ્લુકોઝના સ્તરને નિયંત્રિત કરવા માટે ઈન્સ્યુલિનની જરૂર છે કે નહીં. આ ઉપરાંત બોર્ડ તેમના સ્વાસ્થ્યને લગતા અન્ય પાસાઓ પર પણ ધ્યાન આપશે.

અરવિંદ કેજરીવાલનું બ્લડ સુગર વધી જતાં તેમને ઈન્સ્યુલિન આપવામાં આવ્યું હતું. તિહાડના એક અધિકારીએ મંગળવારે (૨૩ એપ્રિલ) જણાવ્યું હતું કે AIIMSના ડૉક્ટરોની સલાહ પર કેજરીવાલને સોમવારે સાંજે ઓછી માત્રામાં ઈન્સ્યુલિનના બે યુનિટ આપવામાં આવ્યા હતા.



### કાળઝાળ ગરમીમાં વન્ય પાણીઓ માટે કવાયત

# વન્યપ્રાણીને સમસ્યા ના થાય અને તરસ છીપાવવા વન વિભાગનું આયોજન

### ધારી ગીર પૂર્વ ડિવિઝન વિસ્તારમા ૧૭૨ પાણી પોઈન્ટ કુત્રિમ રીતે વન્ય પ્રાણીઓ માટે ભરવામાં આવશે



**। (એજન્સી) અમરેલી, તા.૨૩ ।**

જંગલમાં વસવાટ કરતા વન્ય પ્રાણીઓને પીવાનું પાણી સરળતાથી મળી રહે અને તેમની તરફ છીપાય તે માટે વન વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે.અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં મોટાભાગના વિસ્તારોમાં સિંહ પરિવારો વસવાટ કરે છે જેને લઈને વન વિભાગ દ્વારા ઉનાળાના સમયમાં પીવાનું પાણી સરળતાથી મળી રહે તે માટે કુત્રિમ પોઈન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. ધારી ગીર પુરવ ડિવિઝન વિસ્તારમાં પીવાના પાણીના કુલ ૨૫૪ પોઈન્ટ કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં ૧૭૨ જેટલા પોઈન્ટ કુત્રિમ રીતે ભરવામાં આવે છે. પવનચક્કી, સોલાર ઉર્જા અને માનવ બળ દ્વારા પાણીના પોઈન્ટ ભરવામાં આવે તેવું દર વર્ષની જેમ આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું છે જંગલમાં વન્ય પ્રાણીઓ અને સિંહ પરિવારો વસે છે. તે પીવાના પાણીની શોધમાં ગામડા સુધી પહોંચી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે હજારોની સંખ્યામાં જંગલમાં રહેતા પશુ પક્ષીઓ વનવિસ્તારમાં આવેલા પાણીના પોઈન્ટ પર પાણી પીવે છે. વન વિભાગ દ્વારા પીવાનું પાણી મળી રહે તે માટે ટેક્કર દ્વારા પોઈન્ટ સુધી પહોંચાડવાની શરૂઆત કરી દેવામાં આવી છે.

### સાયબર ક્રાઇમ સેલે એક અજીબોગરીબ કિસ્સો ઉજાગર કર્યો

# ડેન્ટિસ્ટની ઓફર ઠુકરાવી સાયબર ક્રાઇમની દુનિયામાં ઝંપલાવ્યું

### રૂપિયા કમાવવાની લાલચે ગુનાખોરીના કાદવમાં કૂદી ગયો અને પછી નકલી CBI ઓફિસર બની એવા કાવતરા કર્યા કે આખરે પોલીસે તેને દબોચી લીધો

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।**

અમદાવાદમાં સાયબર ક્રાઈમ સેલે એક અજીબોગરીબ કિસ્સો ઉજાગર કર્યો છે. એક એવા આરોપીને ઠગાઈના કેસમાં પકડ્યો છે પહેલા MBBS તબીબ બનાવ માગતો હતો. ગુજકેટની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવતા BDSમાં પ્રવેશ મળતો હતો,પરંતુ તેને BDSમાં પ્રવેશ ન લીધો અને રૂપિયા કમાવવાની લાલચે ગુનાખોરીના કાદવમાં કૂદી ગયો. અને પછી નકલી CBI ઓફિસર બની એવા કાવતરા કર્યા કે આખરે પોલીસે તેને દબોચી લીધો. નકલી CBI ઓફિસર બની લોકોને ધમકાવી ઓનલાઈન ઠગાઈ કરતી ગેંગના ઝડપાયેલા ૧૩ સાગરીતો પૈકી એક આરોપી મોઇન ઈંગોરીયા જો ધારત તો દંત ચિકિસક બની શક્યો હોત. પરંતુ કિસ્મતને અહીં અલગ મંજૂર હતું. તેને MBBS તબીબ બનવું હતું, પરંતુ માર્ક્સ ઓછા આવતા તેને BDSમાં પ્રવેશ મળતો હતો,પરંતુ તેને BDSમાં પ્રવેશ ન લીધો અને રૂપિયા કમાવવાની લાલચે ગુનાખોરી ના કાદવમાં ખુંપી ગયો.

મૂળ ધોરાજીના વતની ૨૬ વર્ષીય મોઈન ઈંગોરીયાની અમદાવાદ સાયબર ક્રાઈમ સેલ દ્વારા તેના અન્ય ૧૨ સાગરીતો સાથે ગયા સપ્તાહે ધરપકડ કરી હતી તમામ ૧૩ જણા પર આરોપ છે કે તેઓએ માઈકા ના પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ શૈલેન્દ્ર મહેતાને ડરાવી ધમકાવી ઓનલાઇન ડીઝીટલ એરેસ્ટ કરી ૧.૫ કરોડ રૂપિયા પડાવ્યા હતા. ૧૯૯૭માં જન્મેલ મોઈન ઈંગોરીયા એ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું, ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં તેને ૮૫ ટકા જેટલા માર્ક્સ મેળવ્યા હતા, તેને MBBS ડોકટર બનવું હતું અને ગુજકેટની પરીક્ષા આપી હતી, તેને ગુજકેટની પરીક્ષા પાસ કરી પરંતુ અપેક્ષિત માર્ક્સ નહીં મળતા તેને MBBSમાં પ્રવેશ નહીં મળ્યો, તેને BDS માં પ્રવેશ મળતો હતો પરંતુ મોઈનને દંત ચિકિત્સક બનવું નહોતું. તેને ઈચ્છીત તબીબી ફિલ્ડમાં જવા નહીં મળતા તે માર્ગ ભટકી ગયો અને ગુનાખોરીના કાદવમાં ખુંપી ગયો.

મોઈને નકલી લકઝરી ઘડિયાળો વેચવાથી ગુનાખોરીની દુનિયામાં એન્ટ્રી કરી, તે બાદમાં ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢ્યો અને પછી આંગડીયાઓની મદદ થી નાણાકીય હેરાફેરી માં સંડોવાયો. આ દરમ્યાન તે ઓનલાઈન સાયબર માફિયાઓના સંપર્કમાં આવ્યો, એક વર્ષ પૂર્વે ક્રિપટો કરન્સીથી ઠગાઈની રકમ મેળવતી ઓનલાઈન સાયબર ગેંગનો તે ખુદ શિકાર બન્યો અને ત્યાર પછી તે ખુદ પણ આવી રીતે ઓનલાઈન ઠગાઈ કરતી ગેંગનો સાગરીત બની ગયો. મોઈનને એ ગેર સમજ હતી કે ઓનલાઈન ક્રાઈમ કરવાથી કાયદાની પકડમાં આવી શકાશે નહીં અને ખૂબ મોટી રકમ કમાઈ લેવાશે પરંતુ તેની આ ધારણા ખોટી પડી, તે હવે તેના અન્ય ૧૨ સાગરીતો સાથે અમદાવાદ સાયબર ક્રાઈમ સેલનાના સકંજામાં છે અને તેની ગેંગ ના મુસ્તફા નેવી વાલા સહિત ના અન્ય આરોપીઓને પકડવા અમદાવાદ સાયબર ક્રાઈમ સેલની જુદી જુદી ટિમો કાર્યરત છે.

### પરીક્ષાના વહેલાં પરિણામ માટે કામગીરી આડે અવરોધ

# કોપી કેસમાં ચૂંટણી આચાર સંહિતાનું ગ્રહણ લાગ્યું, કામગીરી અટકી

### શિક્ષણ બોર્ડની પરીક્ષા વખતે ૪૨ જેટલા વિદ્યાથીઓ કોપી કરતા પકડાતા તેમની સામે કોપી કેસ કરાયો હતો

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા દરમિયાન અને ત્યારબાદ સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં કોપી કરતા પકડાયેલા વિદ્યાથીઓના નિર્ણયનો મામલો ચૂંટણીના પગલે અટકી પડ્યો છે.

આચાર સંહિતાને કારણે બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક થતી ન હોવાથી નિર્ણય લેવામાં વિલંબ થયો છે. એક બાજુ શિક્ષણ બોર્ડ વહેલું પરિણામ જાહેર કરવા યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે તો બીજી બાજુ પરીક્ષા સમિતિની બેઠક ન મળવાને કારણે કામગીરી અટકી છે. શિક્ષણ બોર્ડે રાજ્ય ચૂંટણી પંચમાં ૧૦ દિવસ પહેલા દરખાસ્ત કરી હતી, પરંતુ હજુ સુધી બોર્ડને જવાબ મળ્યો નથી. જેથી શિક્ષણ બોર્ડના સભ્ય ડો. પ્રિયવદન કોરાટે સત્ત્વરે નિર્ણય કરવા બોર્ડ સમક્ષ માગ કરી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ- ૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનું કામ યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે ખૂબ જ વહેલુ પરિણામ જાહેર કરવા માટેની તૈયારીઓ પણ કરાઈ છે. જોકે, બીજી બાજુ પરીક્ષા દરમિયાન થયેલા કોપી કેસ તેમજ પરીક્ષા બાદ સીસીટીવીના ફૂટેજની ચકાસણી દરમિયાન ધ્યાને આવેલા ગેરરીતિના કેસ અને ઉત્તરવહી મૂલ્યાંકન દરમિયાન ધ્યાને આવેલા સામૂહિક કોપી કેસના નિકાલ માટે પરીક્ષા સમિતિની બેઠકમાં હિયરીંગ કરી નિર્ણય લેવામાં આવતા હોય છે.

શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા સમિતિ બોલાવી ગુણદોષના આધારે નિર્ણય કરવા માટે ચૂંટણી આચાર સંહિતાને કારણે શિક્ષણ બોર્ડે ૧૦ દિવસ પહેલા ચૂંટણી પંચને મંજૂરી માટે દરખાસ્ત કરી છે, જેનો કોઈ પ્રત્યુત્તર શિક્ષણ બોર્ડને નહીં મળવાને કારણે પરીક્ષા ગેરરીતિનો મામલો અટક્યો છે. ઉલ્લેખનીય છે કે, દર વખતે અમુક નિર્દોષ વિદ્યાથીઓ નિર્દોષ છૂટતા હોય છે. તેનું પરિણામ જાહેર કરવામાં આવતું હોય છે.

આવા નિર્દોષ વિદ્યાથીઓની કારકીર્દિનો પ્રશ્ન ઊભો થયો છે. આ વખતે પરીક્ષા સમિતિ ચૂંટણી આચાર સંહિતાને કારણે મળી શકી ન હોય આ મામલો ગુંચવાયો છે. શિક્ષણ બોર્ડની પરીક્ષા વખતે ૪૨ જેટલા વિદ્યાથીઓ કોપી કરતા પકડાતા તેમની સામે કોપી કેસ કરાયો હતો.

### દાણચોરીની જુદી જુદી મોડેસ ઓપરેન્ડી

# એરપોર્ટ પર દાણચોરીનું સાડા ચાર કિલો સોનું જપ્ત

### અમદાવાદ એરપોર્ટ પર પહોંચેલા છ મુસાફરોએ ૩.૩૭ કરોડની સોનાની પેસ્ટ ગુપ્તભાગમાં છૂપાવી હતી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।**

અમદાવાદ એરપોર્ટ પરથી થોડા વર્ષો પહેલાં કસ્ટમ્સ ઓફિસરની મદદથી રૂ. ૧૪૦૦ કરોડના સોનાની દાણચોરી થઈ હતી. ત્યારબાદ એક્ટિવ બની ગયેલા ડિપાર્ટમેન્ટના અધિકારીઓએ અમદાવાદ એરપોર્ટ પરથી દાણચોરીનું સોનું ઝડપી લેવા પર ફોકસ વધાર્યુ છે. અખાતી દેશમાંથી આવી રહેલી ફલાઈટમાં અમદાવાદ એરપોર્ટ પર પહોંચેલા છ મુસાફરો પાસેથી કસ્ટમ્સની ટીમે ગુપ્તભાગમાં છૂપાવેલું લગભગ ૩.૩૭ કરોડનું સાડા ચાર કિલો સોનું ઝડપી લીધું હતું. તમામ મુસાફરોની અટકાયત કરીને વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે કસ્ટમ્સ અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ દાણચોરી કરતા પેડલરોને ઝડપી શકે છે પરંતુ તેના માસ્ટર માઈન્ડ સ્મગલર સુધી પહોંચી શકતી નથી. તાજેતરમાં જ રિલીઝ થયેલી કૃતિ સેનનની ફિલ્મ ક્રૂમાં સોનાની દાણચોરીની ઘટના દર્શાવવામાં આવી છે. આવી જ રીતે સોનાની દાણચોરી કરી રહેલા છ મુસાફરોને અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ્સની ટીમે ઝડપી લીધા છે. અખાતી દેશમાંથી આવેલી ફલાઈટના મુસાફરો પૈકી કેટલાક મુસાફરોને અધિકારીએ અલગ તારવ્યા હતા. તેમની પૂછપરછ કરતાં તેમણે પોતાની પાસે સોનું ન હોવાનું જણાવ્યું હતું. અધિકારીઓએ તપાસ કરતાં કેટલાક મુસાફરો કપડાંમાં સોનું લાવ્યા હતા. જ્યારે કેટલાક મુસાફરોએ સોનાની સોફ્ટ પેસ્ટ બનાવી ગુદામાર્ગમાં છૂપાવી દીધી હતી.

કસ્ટમ્સની ટીમે ૩.૩૭ કરોડનું દાણચોરીનું સાડાચાર કિલો સોનું કબજે લઈ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે ક ગત નાણાકીય વર્ષ દરમિયાન કસ્ટમ્સના અધિકારીઓએ એરપોર્ટ પરથી દાણચોરીનું ૧૬૦ કિલો સોનું ઝડપી લીધું હતું અને દાણચોરી કરતા ૬૦ પેડલરોને ઝડપી લીધા હતા. તેના આગળના વર્ષે દાણચોરીનું ૮૦ કિલો સોનું ઝડપી લીધું હતું. અમદાવાદ એરપોર્ટ પરથી જે દાણચોરીનું સોનું ઝડપી લેવામાં આવે છે તે પેડલરોની પૂછપરછમાં એવી વિગતો સામે આવી રહી છે કે મોટા ભાગનું દાણચોરીનું સોનું અમદાવાદ અને રાજકોટના સોની બજારમાં જ પહોંચાડવામાં આવતું હોય છે. દાણચોરીનું સોનું મગાવતા અને રાખતા સોની બજારના ઘણા મોટા માથાંની વિગતો પણ તપાસમાં ખૂલી હતી પણ આખરે ઘીના ઠામમાં ઘી જેવા હાલ થયા હતા. અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફરજ બજાવતા કસ્ટમ્સના અધિકારીઓને શંકાસ્પદ મુસાફરોને આઈડેન્ટિફાય કરવાની ખાસ પદ્ધતિઓ શીખવવામાં આવતી હોય છે.

### સાયન્સ સિટી વિસ્તારના ડિવાઇન રોડ પરનો બનાવ

# ડેરી પાર્લરના સંચાલકે આઇસક્રીમ લેવા આવેલી સગીરાને અડપલાં બાદ છેડતી કરી

### વેપારીની ૧૪ વર્ષની પુત્રી રાત્રે સાયન્સ સિટી પાસે આવેલા ડિવાઇન રોડ પર આવેલા ખાનગી પર આઇસક્રીમ લેવા ગઇ હતી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।**

શહેરના બોડકદેવ પોલીસ સ્ટેશનની હદમાં આવતા સાયન્સ સિટી વિસ્તારના ડિવાઈન રોડ પર આવેલા એક ડેરી પાર્લરમાં છેડતીનો બનાવ બનવા પામ્યો હતો. એક સગીરા ડેરી પાર્લર પર આઈસક્રીમ લેવા ગઈ હતી. તે સમયે દુકાનમાં બેઠેલા આધેડે આ સગીરાને અડપલાં કરીને છેડતી કરી હતી. ગભરાઈ ગયેલી સગીરા તુરંત જ તેના ઘરે માતા પાસે જતી રહી હતી અને રડવા લાગી હતી. જેથી સમગ્ર મામલો સામે આવતા સગીરાની માતાએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા બોડકદેવ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સાયન્સ સિટી વિસ્તારમાં રહેતા એક વેપારી પત્ની અને સંતાન સાથે રવિવારે ઘરે હતા. વેપારીની ૧૪ વર્ષની પુત્રી રાત્રે સાયન્સ સિટી પાસે આવેલા ડિવાઈન રોડ પર આવેલા ખાનગી પર આઈસક્રીમ લેવા ગઈ હતી. સગીરાએ દુકાન પર જઈને આઈસક્રીમ માંગ્યો ત્યારે ત્યાં કાઉન્ટર પર બેઠેલા આધેડે છેડતીના ઈરાદે સગીરાના ગાલ પકડ્યા હતા. આધેડ દુકાનદારના આ વર્તનથી સગીરા ગભરાઈ જતા તે ભાગવા જતી હતી ત્યારે આરોપીએ બાથ ભરી હતી. જેથી ગભરાઈ ગયેલી સગીરા ત્યાંથી ભાગીને ઘરે જતી રહી હતી. રડતી હાલતમાં સગીરા ઘરે આવતા તેના માતા-પિતાએ પૂછપરછ કરતા તેણે દુકાનદારે કરેલી હરકત બાબતે વાત કરી હતી. જેથી સગીરાના માતા-પિતા તાત્કાલિક બોડકદેવ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જ્યાં તેમણે કિરણભાઈ પટેલ નામના દુકાન સંચાલક સામે ફરિયાદ આપતા બોડકદેવ પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. સગીરાઓ સાથે છેડતી તથા દુષ્કર્મના બનાવો સતત વધી રહ્યા છે. તાજેતરમાં નારોલ અને સરખેજમાં પણ આ પ્રકારના બનાવો સામે આવ્યા હતા. તમામ વાલીઓએ તેમાન સંતાનો માટે સતત જાગૃત રહેવું જરૂરી છે. સંતાનો જ્યારથી સમજુ થાય ત્યારથી જ તેમને ગૂડ ટચ અને બેડ ટચના પાઠ શીખવવા જરૂરી છે. આ પાઠ શીખવવાથી આ પ્રકારના બનાવોને રોકી શકાશે.

### વિદ્યાર્થીનીને ઘરે બોલાવી હતી, તેને અણછાજતો સ્પર્શ કર્યો

# ખાનગી શાળાના શિક્ષકને વિદ્યાર્થીની સાથેના લંપટવેડા મોંઘા પડ્યા

### પોલીસ શિક્ષકને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી : પોલીસે પીડિત વિદ્યાર્થીનીનું નિવેદન લઈ મામલામાં વધુ તપાસ હાથ ધરી છે

**। (એજન્સી) પાટણ, તા.૨૩ ।**

પાટણની ખાનગી શાળાના એક શિક્ષકને વિદ્યાર્થીની સાથેના લંપટવેડા મોંઘા પડી ગયા છે. તેના લીધે તેને લોકોએ મારવા લીધો છે. શિક્ષકે પેપર તપાસવા માટે પોતાની જ શાળાની એક વિદ્યાર્થીનીને ઘરે બોલાવી હતી. તેને અણછાજતો સ્પર્શ કર્યો હતો, તેના પછી તેની સાથે બળજબરી કરવાનો પ્રયત્ન કરતા વિદ્યાર્થીની ગભરાઈ ગઈ હતી.

વિદ્યાર્થીની ભાગી છૂટી હતી અને તેણે અન્ય લોકો તથા માતાપિતાને આ અંગે જાણ કરી હતી. તેના પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી અને લોકોએ લંપટ શિક્ષકને બરોબરનો મારવા લીધો હતો. તેના પછી પોલીસ શિક્ષકને પોલીસ સ્ટેશને લઈ ગઈ હતી. પોલીસે પીડિત વિદ્યાર્થીનીનું નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે.

વિદ્યાર્થીનીએ આ મામલે દાખલ કરેલી ફરિયાદ મુજબ પાટણની એક શાળામાં ફરજ બજાવતા વ્યાયામ શિક્ષક રણજીત ચૌધરીએ વિદ્યાર્થીનીને રવિવારે રજાના દિવસે શાળાના પેપરો તપાસવાના બ્હાને મેસેજ કરીને બોલાવી હતી. જોકે વિદ્યાર્થીના માતાએ પોતાની દીકરીને તમારે ત્યાં નહીં આવે પેપર તપાસવા હોય તો ઘરે આપો એમ કહેતા શિક્ષકે વિદ્યાર્થીને પેપર ઘરે લઈ જવા માટે આનંદ સરોવર આગળ બોલાવી હતી. વિદ્યાર્તીની મોબાઈલ ફોન લઈને આનંદ સરોવર ખાતે આવી હતી. શિક્ષક ત્યાંથી પેપર ઘરે પડ્યા હોય તેમ જણાવી તેને ઘરે લઈ ગયો હતો.

ઘરે શિક્ષક વિદ્યાર્થીને પોતાના રૂમમા બેસાડીને પેપર ચેક કેમ કરવે તે બતાવતા બતાવતા વિદ્યાર્થીનીના અંગો સાથે હાથચાલાકી કરવા માંડ્યો હતો. શિક્ષકનો ઈરાદો પારખી ગયેલી વિદ્યાર્થીનીએ તરત જ હાથ છોડાવી બજારમાં આવી ગઈ હતી. તેણે પોતાની બહેનપણીને બધી વિગત જણાવી હતી. તેના પછી વિદ્યાર્થીનીએ માબાપને જાણ કરી હતી. શિક્ષકને પણ બજારમાં બોલાવવામાં આવતા હંગામો મચ્યો હતો અને તેને જાહેરમાં જ મેથીપાક આપવામાં આવ્યો હતો. પછી તેને પોલીસના હવાલે કરાયો હતો.

# ગુજરાતના આશરે ૫ કરોડ લોકો આગામી ચૂંટણીમાં કરી શકશે મતાધિકારનો ઉપયોગ

### તા. ૨૫ એપ્રિલથી વિધાનસભા પેટા ચૂંટણી માટે અને તા. ૨૭ એપ્રિલથી લોકસભા સામાન્ય ચૂંટણી માટે ઈફ્સના કમિશનિંગની કામગીરી હાથ ધરવામાં આવશે

લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે ગુજરાતમાં ૭ મેના રોજ મતદાન યોજવા માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી તૈયારીઓની વિગતો આપતા મુખ્ય નિર્વાચન અધિકારી શ્રીમતી પી. ભારતીએ જણાવ્યું હતું કે ૧૫ માર્ચ ૨૦૨૪ સુધીમાં અરજી કરનાર તમામ નાગરિકોને EPIC કાર્ડનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. જો EPIC કાર્ડ ન હોય તો e-EPIC ™ની પ્રિન્ટને પણ ઓળખના પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે. બુથ લેવલ ઓફિસર દ્વારા વોટર ઈન્ફોર્મેશન સ્લીપ લોકોના ઘરે પહોંચાડવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. ૨૭ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે બીજો સ્ટેટ લેવલ પોસ્ટલ બેલેટ એક્સચેન્જ ફેર યોજાશે. ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલા જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં ૨૭ એપ્રિલ સુધીમાં ઈફસ્નું બીજું રેન્ડમાઈઝેશન, જ્યારે ૫ મે ૨૦૨૪ ના રોજ પોલિંગ સ્ટાફના ત્રીજા રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. લોકસભાની સામાન્ય ચૂંટણી તેમજ વિધાનસભાની પેટા ચૂંટણી માટે પાત્ર એવા તમામ નાગરિકો પોતાનું નામ મતદાર યાદીમાં નોંધાવી લે તે માટે સઘન મતદાર જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા, જેના ભાગરૂપે જાન્યુઆરી-૨૦૨૪માં પ્રસિદ્ધ થયેલી મતદાર યાદીની સાપેક્ષે કુલ ૩ લાખ કરતાં વધુ મતદારો નોંધાયા છે. તા.૨૨ એપ્રિલના રોજ પ્રસિદ્ધ થયેલી હરિફ ઉમેદવારોની યાદી પ્રમાણે લોકસભાની ચૂંટણી માટે કુલ ૨૬૬ ઉમેદવારો તેમજ વિધાનસભા પેટાચૂંટણી માટે કુલ ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. સુરત લોકસભા બેઠક પર માત્ર ભાજપના ૧ ઉમેદવાર વધતાં તે ઉમેદવારને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

**મતદાર યાદી**

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની ૦૫ બેઠકોની પેટાચૂંટણી માટે મતદાન તા.૦૭ મે, ૨૦૨૪ ના રોજ યોજાનાર છે. જેમાં રાજ્યના ૪,૯૭,૬૮,૬૭૭ મતદારો મતદાન કરી શકશે. આખરી મતદાર યાદીમાં ૧૮ થી ૧૯ વર્ષની ધરાવતા ૧૨,૨૦,૪૩૮ મતદારો પ્રથમ વખત મતદાન કરી શકશે.

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલા મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૪ અંતર્ગત તા.૦૫ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલી મતદાર યાદી મુજબ રાજ્યમાં કુલ ૪,૯૪,૪૯,૪૬૯ મતદારો નોંધાયેલા હતા. ત્યાર બાદ તા.૦૯ એપ્રિલ, ૨૦૨૪ સુધી મતદાર તરીકે નોંધણી માટે મળેલી અરજીઓ પૈકી ૩,૧૯,૨૦૯ મતદારોનો પુરવણી મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આખરી મતદાર યાદી મુજબ રાજ્યમાં ૨,૫૬,૧૬,૫૪૦ પુરૂષ, ૨,૪૧,૫૦,૬૦૩ સ્ત્રી અને ત્રીજી જાતિના ૧,૫૩૪ મળી કુલ ૪,૯૭,૬૮,૬૭૭ મતદારોનો સમાવેશ થાય છે.

રાજ્યમાં યોજાનાર ચૂંટણીમાં યુવાઓ મોટા પ્રમાણમાં મતદાનમાં ભાગ લેશે. આ વર્ષે ગુજરાતમાં ૧૮થી ૨૯ વય જૂથનાં કુલ ૧,૧૬,૦૬,૧૮૮ યુવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતાં વરિષ્ઠ મતદારોની કુલ સંખ્યા ૪,૧૯,૫૮૪ છે. રાજ્યમાં ૧૦,૦૩૬ મતદારો શતાયુ એટલે કે ૧૦૦ વર્ષ કે તેનાથી વધુ વયના છે. ૩,૭૫,૬૭૩ મતદારોને દિવ્યાંગ મતદાર તરીકે ચિન્હિત કરવામાં આવ્યા છે. રાજ્યમાં મતદાતાની સંખ્યાના આધારે સૌથી મોટી લોકસભા બેઠક નવસારી છે; જેમાં ૨૨,૨૩,૫૫૦ મતદારો છે, જ્યારે ભરૂચ લોકસભા બેઠકમાં સૌથી ઓછા ૧૭,૨૩,૩૫૩ મતદારો છે. રાજ્યમાં કુલ ૨૭,૫૫૫ સેવા મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. સાથે જ વિદેશમાં વસતા ભારતીય મતદારો પણ ગુજરાતમાં પોતાના રહેઠાણના વિસ્તાર સંબંધિત મતદાન મથક ખાતે મત આપી શકે છે. અંતિમ મતદાર યાદીમાં વિદેશમાં વસતા ૯૦૦ મતદારો નોંધાયા છે.

**મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) તથા મતદાર કાપલીનું વિતરણ**

તા. ૭ મે, ૨૦૨૪ ના રોજ યોજાનાર મતદાન માટે ગત તા.૧૫ માર્ચ, ૨૦૨૪ સુધી અરજી કરનાર નાગરિકોને મતદાર ફોટો ઓળખકાર્ડ (EPIC) નું વિતરણ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. ત્યારબાદ અરજી કરનાર નાગરિકોને EPIC કાર્ડ ઝડપથી પહોંચાડી દેવામાં આવશે. જો કે EPIC કાર્ડ ન મળ્યું હોય પણ મતદાર નોંધણીની અરજી સાથે મોબાઈલ નંબર આપેલ હોય તો e-EPIC ડાઉનલોડ કરી શકાય છે અને e-EPICની પ્રિન્ટને ઓળખના પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે.

મતદારોને મતદાર યાદીમાં પોતાનો ક્રમ, મતદાન મથક, મતદાનની તારીખ અને સમય સહિતની વિગતો મળી રહે તે માટે ચૂંટણી પંચના આમંત્રણ સ્વરૂપે બુથ લેવલ ઑફિસર દ્વારા મતદાર માહિતી કાપલી (Voter Information Slip) લોકોના ઘેર પહોંચાડવામાં આવી રહી છે. મતદાર માહિતી કાપલીની સાથે કુટુંબદીઠ એક વોટર ગાઈડનું વિતરણ કરવામાં આવશે. વધુમાં પ્રજ્ઞાપક્ષુ મતદારો માટે બ્રેઈલ લિપિમાં મતદાર કાપલી તેમજ વોટર ગાઈડનું પણ વિતરણ કરવામાં આવશે. આ કામગીરી તા. ૦૨ મે, ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે.

**ઉમેદવારી પત્રો**

લોકસભા સામાન્ય ચૂંટણી માટે કુલ ૪૩૩ ઉમેદવારોએ નામાંકનપત્રો ભર્યા હતાં. તા.૨૦ એપ્રિલના રોજ ચકાસણી દરમ્યાન કુલ નામાંકનપત્રો પૈકી કુલ ૧૦૫ નામાંકનપત્રો રદ કરવામાં આવ્યા હતા. ઉમેદવારી પરત ખેંચવાની આખરી તા. ૨૨ એપ્રિલ સુધીમાં કુલ ૬૨ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પરત ખેંચવામાં આવી હતી. આમ, હવે લોકસભા સામાન્ય ચૂંટણી, ૨૦૨૪ માં હરીફ ઉમેદવારની કુલ સંખ્યા ૨૬૬ થઈ છે. જે પૈકી ૨૪૭ પુરુષ ઉમેદવારો, ૧૯ સ્ત્રી ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. ઉક્ત પૈકી ૨૪-સુરત લોકસભા મતવિભાગના ઉમેદવાર બિન હરીફ જાહેર થયા છે.

જ્યારે પાંચ વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણીઓ-૨૦૨૪ માટે કુલ ૩૭ ઉમેદવારોએ નામાંકનપત્રો ભર્યા હતાં. જે પૈકી ચકાસણી દરમિયાન કુલ ૧૦ નામાંકનપત્રો રદ કરવામાં આવ્યા હતા. તેમજ ૩ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પરત ખેંચવામાં આવી હતી. આમ, હવે વિધાનસભા પેટા ચૂંટણી માટે હરીફ ઉમેદવારની કુલ સંખ્યા ૨૪ થઈ છે.

**EVM**

રાજ્યના તમામ લોકસભા મતવિભાગમાં અને ૫ વિધાનસભા મતવિભાગમાં પેટા ચૂંટણીઓ સંદર્ભે હરીફ ઉમેદવારો/તેઓના પ્રતિનિધિઓ અને ભારતના ચૂંટણી પંચ દ્વારા નીમવામાં આવેલ જનરલ ઓબ્ઝર્વરની હાજરીમાં તા.૨૭ એપ્રિલ સુધીમાં ઈફસ્ના બીજા રેન્ડમાઈઝેશનની કામગીરી હાથ ધરવામાં આવશે.

**ન્યૂઝ બ્રિફ**

## ભાજપે બાહુબલી નેતાની ટિકિટ લટકાવી! નથી થઈ રહી કોઈ જાહેરાત

। (એજન્સી) લખનૌ, તા.૨૩ ।

ભાજપે ઉત્તર પ્રદેશની મોટા ભાગની બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે પરંતુ રાયબરેલી અને કૈસરગંજ જેવી ચર્ચિત બેઠકો પર હજુ પણ ઉમેદવારો જાહેર નથી કર્યા. દરેકની નજર કૈસરગંજ પર છે કારણ કે બાહુબલી નેતા બ્રિજભૂષણ શરણ સિંહ અહીંથી ભાજપના સાંસદ છે. તેમની ટિકિટ હજુ સુધી નક્કી કરવામાં નથી આવી અને પાર્ટીએ એવા પણ કોઈ સંકેત નથી આપ્યા કે બ્રિજભૂષણનું ચૂંટણી મેદનમાં નહીં ઉતરશે તો તેમના સ્થાન પર કોને ચૂંટણી મેદનમાં ઉતારવામાં આવશે. આ વચ્ચે હવે પાર્ટી સૂત્રોનું કહેવું છે કે બ્રિજભૂષણ શરણ સિંહની ટિકિટ પરનો નિર્ણય તેમના પર લાગેલા યૌન શોષણના આરોપોને કારણે ટાળવામાં આવી રહ્યો છે. આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે અને દિલ્હીની કોર્ટ આ મહિનાના અંત સુધીમાં પોતાનો ચુકાદો આપી શકે છે. આવી સ્થિતિમાં ભાજપ હાઈકમાન્ડ ઈચ્છે છે.

## રિઝર્વ બેંકે નોન-બેંક પેમેન્ટ ઓપરેટર્સ કે ઓનલાઇન પેમેન્ટ કંપનીઓ પર મોટી જવાબદારી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દેશની સેન્ટ્રલ બેંક એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નોન-બેંક પેમેન્ટ ઓપરેટર્સ કે ઓનલાઈન પેમેન્ટ કંપનીઓ પર મોટી જવાબદારી આપી છે. રિઝર્વ બેંકે આ ઓનલાઈન કંપનીઓ પાસે હાલની ચૂંટણી વખતે હાઈ વેલ્યૂ વાળા મર્ચન્ટ પેમેન્ટની દેખરેખ કરવા અને રિપોર્ટ કરવા માટે કહ્યું છે. એવું એટલા માટે કારણ કે પૈસા વોટ ખરીદવાની કોઈ પણ કવાયત પર રોક લગાવી શકે. રિઝર્વ બેંકની તરફથી ૧૫ એપ્રિલ ૨૦૨૪એ લખેલા એક પત્રમાં **Payment System Operators** પાસે મતદાતાઓને પ્રભાવિત કરવા કે પરોક્ષ રીતે ચૂંટણી ઉમેદવારોને ધન આપવા માટે ઈ-ફંડ ટ્રાન્સફર સિસ્ટમના સંભવિત દુરૂપયોગને રોકવા માટે કહ્યું છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે વોટરને પ્રભાવિત કરવા માટે પેમેન્ટની વિવિધ રીતનો ઉપયોગ કરવામાં આવી શકે છે. બની શકે છે કે કોઈ ઉમેદવાર કે રાજનૈતિક પક્ષ ઓનલાઈન રીતે વોટર્સને પૈસા ટ્રાન્સફ કરે જેથી તે મતદાતા કોઈ ખાસ ઉમેદવારના પક્ષમાં વોટ આપે. વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે પેમેન્ટ કંપનીઓ ખાસ રીતે હાઈ વેલ્યૂ પેમેન્ટ કે સસપિશિયસ પેમેન્ટને ટ્રેક કરે.

## તિહાર જેલમાં પહેલીવાર સીએમ કેજરીવાલને આપવામાં આવ્યું ઇન્સ્યુલિન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની બીમારી અને ઈન્સ્યુલિનને લઈને વિવાદ શમવાનો નામ નથી લઈ રહ્યો. ઈન્સ્યુલિનને લઈને આમ આદમી પાટી અને ભાજપ વચ્ચે ઉગ્ર શબ્દોની આપ-લે થઈ રહી છે. દરમિયાન, સમાચાર છે કે તિહારમાં કેજરીવાલને પ્રથમ વખત ઈન્સ્યુલિન આપવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જેલમાં કેજરીવાલનું શુગર લેવલ સતત વધી રહ્યું હતું. તેમનું શુગર લેવલ ૩૨૦ પર પહોંચી ગયું હતું. આ પછી તેને ઈન્સ્યુલિન આપવામાં આવ્યું. તમને જણાવી દઈએ કે દારૂ કૌભાંડ કેસમાં કેજરીવાલની ધરપકડ બાદ તેમને પહેલીવાર ઈન્સ્યુલિન આપવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે આ પહેલા કેજરીવાલને ઈન્સ્યુલિન ન આપવાના મુદ્દે આમ આદમી પાટીના સેંકડો કાર્યકરો અને નેતાઓએ તિહાર જેલમાં પ્રદર્શન કર્યું હતું. પાટીના કાર્યકરો તિહારની બહાર ઈન્સ્યુલિનના ડોઝ લેવા અને જેલ પ્રશાસન સામે પ્રતિકાત્મક વિરોધ કરવા એકઠા થયા હતા. આપ નેતાઓએ તિહાર જેલના અધિકારીઓને કેજરીવાલને ઈન્સ્યુલિન આપવાનું કહ્યું હતું. આમ આદમી પાટીએ આરોપ લગાવ્યો હતો કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને તિહાર જેલની અંદર 'ધીમી મૃત્યુ' તરફ ધકેલવામાં આવી રહ્યા છે.





ચૂંટણી પ્રચાર રેલીમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ ભાજપ ઝારખંડના પ્રમુખ બાબુલાલ મરાન્ડી અને ભાજપના લોકસભાના ઉમેદવાર અર્જુન મુંડાસ દ્વારા ખુંટીમાં ચૂંટણી પ્રચાર રેલી કરવામાં આવી હતી.

# ભારતીય જનતા પાર્ટીએ કર્ણાટકના બળવાખોર નેતા કેએસ ઈશ્વરપ્પાને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા

### ઈશ્વરપ્પા રાઘવેન્દ્ર સામે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે શિવમોગામાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ભાજપે કર્ણાટકના બળવાખોર નેતા કેએસ ઈશ્વરપ્પાને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. હાવેરી લોકસભા બેઠક પરથી તેમના પુત્રને ટિકિટ ન અપાતા ઈશ્વરપ્પાએ બળવો કર્યો હતો. તેઓ ભાજપથી એટલા નારાજ હતા કે તેમણે શિવમોગાથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા માટે ઉમેદવારી નોંધાવી દીધી હતી. આ કારણોસર પાર્ટીએ હવે તેમની સામે કાર્યવાહી કરી છે. શિવમોગા બેઠક પરથી બીએસ યેદિયુરપ્પાના પુત્ર બીવાય રાઘવેન્દ્ર ભાજપના ઉમેદવાર છે. એટલે કે ઈશ્વરપ્પા રાઘવેન્દ્ર સામે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે. શિવમોગામાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં મતદાન થશે.



કર્ણાટકના પૂર્વ ડેપ્યુટી સીએમ ઈશ્વરપ્પાએ થોડા સમય પહેલા રાજકારણમાંથી સંન્યાસ લેવાનું એલાન કર્યું હતું. પરંતુ તેમણે પોતાના પુત્રને હાવેરી બેઠક પરથી ટિકીટ આપવાની માગ કરી હતી. તેમના પુત્રને ટિકીટ ન મળતા તેમણે બીજેપી નેતા અને પૂર્વ સીએમ યેદિયુરપ્પા વિરુદ્ધ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી અને યેદિયુરપ્પાના પુત્ર સામે ચૂંટણી મેદાનમાં ઉતરવાનું એલાન કરી દીધુ હતું. આ એલાન કરતા ઈશ્વરપ્પાએ કહ્યું હતું કે, કર્ણાટકમાં બીજેપી સારી સ્થિતિમાં નથી. કર્ણાટકની જનતા અને પાર્ટીના કાર્યકર્તાઓ તો બીજેપીના પક્ષમાં છે પરંતુ અહીંની વ્યવસ્થા ખૂબ ખરાબ છે. કેએસ ઈશ્વરપ્પાએ બીએસ યેદિયુરપ્પા પર પરિવારવાદનો આરોપ લગાવતા કહ્યું કે, પીએમ મોદી કહે છે કે, કોંગ્રેસ પાર્ટી એક પરિવારના હાથમાં છે પરંતુ કર્ણાટકમાં બીજેપીની પણ આ જ સ્થતિ છે. કર્ણાટક બીજેપી પર પણ એક જ પરિવારનો કબજો છે. આપણે તેનો વિરોધ કરવો પડશે. બીજેપીથી નારાજ ઈશ્વરપ્પાએ જ્યારે શિવમોગાથી ઉમેદવારી નોંધાવી હતી ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખુદ તેમને ફોર્મ પરત ખેંચવા માટે કહ્યું હતું પરંતુ તેઓ નહોતા માન્યા. હવે બીજેપી દ્વારા કેએસ ઈશ્વરપ્પા સામે કાર્યવાહી કરવા અંગે એક પત્ર જારી કરવામાં આવ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ઈશ્વરપ્પાએ પાર્ટી પ્રોટોકોલની વિરુદ્ધ જઈને આ લોકસભા ચૂંટણી અપક્ષ તરીકે લડવાનો નિર્ણય કર્યો છે. જેના કારણે પાર્ટીની ફજેતી થઈ છે. ત્યારબાદ પાર્ટીએ આ કાર્યવાહી કરી છે અને તેમને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. બીજેપીમાંથી સસ્પેન્ડ કરવા મુદ્દે કેએસ ઈશ્વરપ્પાએ કહ્યું કે, મેં એક સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો છે. મને હજુ પણ આશા છે. મને કોઈ સસ્પેન્શનનો ડર નથી. તેમણે આગળ કહ્યું કે, હું અપક્ષ તરીકે ચૂંટણી લડીશ અને જીતીશ અને પાછો બીજેપીમાં આવી જઈશ. હું પાંચ વાર કમળના નિશાન સાથે ચૂંટણી લડ્યો છું.

### સૈયદના સૈફુદીનની તરફેણમાં બોમ્બે હાઈકોર્ટનો ચુકાદા

## સૈયદના સૈફુદીનની પોઝિશન યથાવત જળવાઈ રહેશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

દાઉદી બ્હોરા સમુદાયમાં છેલ્લા એક દાયકાથી વારસાઈનો વિવાદ ચાલે છે જેમાં હવે બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો આવી ગયો છે. દાઉદી બ્હોરા સમુદાયમાં અસલી ધર્મગુરુ કોણ તે વિવાદમાં હાઈકોર્ટે જણાવ્યું છે કે આ સમુદાયમાં નેતૃત્વમાં કોઈ ફેરફાર થયો નથી. તેથી સૈયદના સૈફુદીન જ ટોચના ધર્મગુરુ ગણાશે. સૈયદના મુફદ્દલ સૈફુદીનની ધર્મગુરુ તરીકેની પોઝિશનને તેમના ભત્રીજા તાહેર ફખરુદ્દીન દ્વારા ચેલેન્જ કરવામાં આવી હતી, પરંતુ હાઈકોર્ટે આ દલીલ કાઢી નાખી છે. સૈયદના મુફદ્દલ સૈફુદીન એ દાઉદી બ્હોરા સમુદાયમાં ૫૩મા ધર્મગુરુ છે જેમની પોઝિશનને તેમના ભત્રીજા તાહેર ફખરુદ્દીન દ્વારા પડકારવામાં આવી હતી, પરંતુ તેમનો દાવો ફગાવી દેવામાં આવ્યો છે. આ અંગે બોમ્બે હાઈકોર્ટના જસ્ટિસ ગૌતમ પટેલે કહ્યું કે મારે કોઈ



ઉથલપાથલ નથી જોઈતી. મેં આ ચુકાદો શક્ય એટલો તટસ્થ રાખ્યો છે. મેં શ્રદ્ધા નહીં પરંતુ પૂરાવાના આધારે નિર્ણય લીધો છે. આ વિશે દાઉદી બ્હોરા સમુદાયનું કહેવું છે કે બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો ઐતિહાસિક છે અને સમુદાય માટે આ એક નિર્ણાયક ઘડી છે. દાઉદી બ્હોરા સમુદાયના પ્રવક્તાએ જણાવ્યું કે દાઉદી બ્હોરા સમુદાયની ધાર્મિક માન્યતાઓ અને હકીકતોનું ખોટી રીતે અર્થઘટન કરવાનો કેટલાક લોકોએ પ્રયાસ કર્યો હતો. કોર્ટના ચુકાદાએ આ બધી ગેરમાર્ગે દોરતી વાતોને ફગાવી દીધી છે. અમને દેશના ન્યાયતંત્રમાં હંમેશાથી વિશ્વાસ રહ્યો છે.

### કાર્યકરોને તાબડતોબ સોંપી જવાબદારી

## પ્રથમ તબક્કામાં ઓછું મતદાન થતા ભારતીય જનતા પાર્ટી ચિંતાતૂર થઈ

### પ્રથમ તબક્કાના મતદાને રાજકીય પક્ષોની ચિંતા વધારી છે : બેઠકમાં જેપી નડ્ડા, અમિત શાહ અને રાષ્ટ્રીય મહામંત્રી હાજર રહ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

દેશભરના અનેક રાજ્યોમાં ૧૯ એપ્રિલના રોજ પ્રથમ તબક્કાનું મતદાન થયું હતું. જો કે આ પહેલા તબક્કાના મતદાને રાજકીય પક્ષોની ચિંતા વધારી છે. એમા પણ ખાસ કરીને ભાજપની ચિંતા વધી છે. મીડિયા રિપોર્ટ મુજબ પહેલા તબક્કાના મતદાનમાં નિરુત્સાહી મતદારો અને ઓછા મતદાનના મુદ્દા સોમવારે રાતે ભાજપની બેઠકમાં ચર્ચાયા. ઓછા મતદાન મુદ્દે થયેલી આ બેઠક સોમવારે મોડી રાત સુધી ચાલી હતી. બેઠકમાં જેપી નડ્ડા, અમિત શાહ અને રાષ્ટ્રીય મહામંત્રી હાજર રહ્યા. અત્રે જણાવવાનું કે સોમવારે ઉત્તર પ્રદેશના અલીગઢમાં પણ પોતાની એક રેલીમાં પીએમ મોદીએ ઓછા મતદાનનો ઉલ્લેખ કર્યો હતો. પ્રથમ તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું



જેમાં ૧૦૨ સીટ પર મતદાન થયું. પહેલા તબક્કામાં ફક્ત ૬૩ ટકા જેટલું મતદાન નોંધાયુ છે. આંકડા જોઈએ તો યુપીમાં આ વખતે સાત ટકા જેટલું ઓછું મતદાન થયું છે. યુપી જેવા અત્યંત મહત્વના રાજ્યમાં આટલું ઓછું મતદાન? એ જ રીતે બિહાર અને મધ્ય પ્રદેશમાં પણ ૬ ટકા જેટલું ઓછું મતદાન નોંધાયુ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં પણ ૪ ટકા મતદાન ઘટ્યું છે. હવે આ વખતે ઓછું મતદાન કોના માટે ફાયદો અને કોના માટે નુકસાન એ અલગ ચર્ચાનો વિષય છે. પરંતુ તેના મનોવૈજ્ઞાનિક પહેલુંને જોઈએ તો તે ભાજપની ઊંઘ ઉડાડવા માટે પૂરતું બની શકે છે. ભલે વાતો થતી હોય કે પહેલા તબક્કાના મતદાન બાદ એનડીએ આગળ છે. વિપક્ષ તો દૂર દૂર સુધી ક્યાંય નથી. પરંતુ હવે જ્યારે ઓછું મતદાન થયું છે તો બધાના મનમાં એક પ્રશ્ન ઘૂમી રહ્યો છે કે આ ઓછું મતદાન કોને નુકસાન પહોંચાડશે. બહું આંકડામાં ન પડીએ તો પણ એટલું કહી શકીએ કે એક્સ્ટ્રિમ વોટિંગ એ પરિવર્તનનો સંકેત આપતું હોય છે. એક્સ્ટ્રીમ વોટિંગ એટલે કાં તો વધુ પડતું મતદાન થાય અથવા તો ઓછું મતદાન થાય. બેઠક બાદ કાર્યકરો અને પેજ પ્રમુખોને સંદેશ આપવામાં આવ્યો છે. તેમને કહેવાયું છે કે મતદારોને ઘરમાંથી બહાર નીકળીને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે.

## હવે ૧૨ વર્ષ સુધીના બાળકની હવાઇ મુસાફરીને લઇને બદલાયો નિયમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ તમામ એરલાઈન્સ માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. એવિએશન રેગ્યુલેટરે કહ્યું છે કે હવેથી ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને હવાઈ મુસાફરી દરમિયાન તેમના માતા-પિતાની બાજુમાં સીટ આપવી પડશે. DGCAએ મંગળવારે આ સંબંધમાં એક પરિપત્ર જાહેર કરીને તમામ એરલાઈન્સને આ નિયમને ફરજિયાતપણે લાગુ કરવા સ્પષ્ટપણે જણાવ્યું છે. DGCA દ્વારા હવાઈ મુસાફરી દરમિયાન બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના પરિપત્રમાં નિયમનકારે જણાવ્યું હતું કે હવેથી તમામ એરલાઈન્સે એ સુનિશ્ચિત કરવું પડશે કે ૧૨ વર્ષ સુધીના બાળકોને તેમના માતા પિતા/વાલીઓમાંથી ઓછામાં ઓછા એકની સાથે બેઠકો ફાળવવામાં આવે, જેઓ એક જ પરિવારમાં હોય. આ સાથે તેનો સંપૂર્ણ રેકોર્ડ પણ રાખવામાં આવશે. ઉડ્ડયન નિયમનકારે આ પગલું એક ફરિયાદ બાદ ઉઠાવ્યું છે જેમાં કહેવામાં આવ્યું હતું કે બાળકને તેના માતા-પિતા સાથે બેસવા દેવામાં આવતું નથી.

### ભાજપે ઉમેદવારની ૧૪મી યાદી જાહેર કરી

## લોકસભા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોની કરી જાહેરાત

### લદ્દાખ બેઠક પર ભાજપની ગ્યાલસનના નામ પર મહોર : કોંગ્રેસે પટના સાહિબ બેઠક પર પૂર્વ સ્પીકર મીરા કુમારના દીકરા અંશુલ અભિજીતને મેદાનમાં ઉતાર્યા

। (એજન્સી) જમ્મુ, તા.૨૩ ।


ભાજપે લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની જાહેરાત કરાઈ છે. આજે બંને પાર્ટીએ એક-એક ઉમેદવારના નામ જાહેર કર્યા છે. જેમાં લદાખના હાલના સાંસદ જમયાંગ સેરિંગ નામગ્યાલની ટિકિટ કાપી નાખી છે. મંગળવાર (૨૩ એપ્રિલ, ૨૦૨૪) એ પાર્ટી તરફથી આ બેઠક પર નવા ઉમેદવારના નામની જાહેરાત કરાઈ છે. ભાજપે ઉમેદવારની ૧૪મી યાદી જાહેર કરી છે. જેમાં ભાજપની ઝઈઝએ આ બેઠક પર તાશી ગ્યાલસનના નામ પર મહોર લગાવી છે. પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને હેડક્વાર્ટર પ્રભારી અરૂણ સિંહ તરફથી અપાયેલા નિવેદનમાં આ માહિતી અપાઈ છે. કારગિલ અને લેહ જિલ્લા સુધી ફેલાયેલા સંસદ ક્ષેત્રમાં લગભગ ત્રણ લાખ મતદાતાઓ છે. લદાખ બેઠક પર ઉમેદવારીની છેલ્લી તારીખ ૩ મે, ૨૦૨૪ છે. જ્યારે નામ પરત લેવાની છેલ્લી તારીખ ૬ મે છે. લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં ૨૦ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે. કોંગ્રેસે પટના સાહિબ બેઠક પર પૂર્વ સ્પીકર મીરા કુમારના દીકરા અંશુલ અભિજીતને મેદાનમાં ઉતાર્યા છે. પાર્ટીએ આજે ૯મી બેઠક માટે ઉમેદવારની જાહેરાત કરી છે. તેમનો મુકાબલો ભાજપ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ સાથે છે. આ પહેલા ત્રણ બેઠક ભાગલપુરથી અજીત શર્મા, કટિહારથી તારિક અનવર અને કિશનગંજથી મો.જાવેદને ટિકિટ આપી હતી. તો સોમવારે પાંચ બેઠકો પર ઉમેદવારોની જાહેરાત કરાઈ હતી. અશુલ કુમારના નામની ચર્ચા પહેલાથી જ હતી.ગઠબંધનમાં કોંગ્રેસને મળેલી ૯ બેઠકોમાંથી ૩ બેઠકો પર સીનિયર લીડર અને મંત્રીના દીકરાને મોકો મળ્યો છે. જેમાં અંશુલ કુમાર સિવાય નીતીશ સરકારમાં મંત્રી મહેશ્વર હજારીના દીકરા સની હજારી અને પ્રદેશ અધ્યક્ષ અખિલેશ પ્રસાદ સિંહના પુત્ર આકાશ સિંહ સામેલ છે.

### એસ. જયશંકરનું મોટું નિવેદન

## અગાઉની સરકારોની વિદેશ નીતિમાં પણ મુસ્લિમ તુષ્ટિકરણની ઝલક દેખાતી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન, ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે એક ઈન્ટરવ્યુ દરમિયાન ભારતમાં મુસ્લિમ તુષ્ટિકરણ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે દેશમાં અગાઉની સરકારોમાં મુસ્લિમ તુષ્ટિકરણનું વર્ચસ્વ હતું. હું પહેલા IFS અધિકારી રહી ચુક્યો છું, તેથી હું કહેવા માંગુ છું કે અગાઉ મુસ્લિમ તુષ્ટિકરણની અસર ભારતની વિદેશ નીતિ પર પણ દેખાતી હતી. 'ટોપ એન્ગલ વિથ સુશાંત સિંહા' કાર્યક્રમમાં ભાગ લેતા વિદેશ મંત્રી જયશંકરે કહ્યું હતું કે દેશની અંદર અને બહારની સરકારો દ્વારા વોટ બેંકની રાજનીતિ કરવામાં આવી રહી છે. અગાઉની સરકારો દ્વારા એવો કોઈ કડક નિર્ણય લેવામાં આવ્યો ન હતો જેમાં મુસ્લિમ મતો વિશે વિચાર્યું ન હોય. વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે અગાઉની સરકાર માત્ર મુસ્લિમ તુષ્ટિકરણના નામે રાજનીતિ કરી રહી હતી. તેમણે કહ્યું કે શું તમને નથી લાગતું કે પહેલાની પાકિસ્તાનની નીતિ અને આજની પાકિસ્તાનની વિદેશ



નીતિમાં ઘણો તફાવત છે અગાઉ, શું તમને પાકિસ્તાનને લઈને બનાવેલી વિદેશ નીતિમાં વોટ બેંકની નીતિના સંકેતો દેખાતા ન હતા?

તેમણે કહ્યું કે ઈઝરાયેલ વર્ષ ૧૯૪૮માં આઝાદ થયું, પરંતુ ભારતીય દૂતાવાસ ૧૯૯૨ સુધી ત્યાં તૈનાત નહોતું. ભારતે તેના રાજદૂતને ત્યાં મોકલ્યા નથી. જ્યારે તમે ૧૯૯૨માં તમારા રાજદૂતને ઈઝરાયેલમાં મોકલ્યા હતા ત્યારે પણ ૨૦૧૭ સુધી કોઈ પણ ભારતીય વડાપ્રધાને ત્યાંની મુલાકાત લીધી ન હતી. આપણે ત્યાં જઈને જોવું જોઈએ? ઈઝરાયેલ એક બહુ મોટો દેશ છે.

## તંત્રી લેખ...

# શબ્દ હોય, ધન હોય કે ઊર્જા, જ્યાં થોડાથી કામ થઈ જતું હોય ત્યાં વધુનો ઉપયોગ નથી

ભૂતકાળના અભાવોનાં દુઃખડાં રડનારા વર્તમાનના આનંદથી વંચિત રહે છે. કેટલાકને અફસોસ છે કે એ દિવસોમાં મકાન મોટું હોત તો પરિજનોને રહેવા-કરવા, ભણતર, સૂવા-આરામ કરવા વગેરેમાં આસાની રહેત અને જીવન બહેતર હોત. બીજાના માતા-પિતા, સહોદર, સંબંધી કે મિત્ર જેટલા ભલા છે, તેમના પણ એટલા જ હોત તો તેઓ સફળ થઈ જાત. જે, જેટલું, આજે ઉપલબ્ધ છે તેનાથી અતૃપ્ત રહેવું કેટલાકે પોતાની નિયતિ બનાવી લીધી છે. પોતાના-પારકાના જેવા મકાન છે, તેમની પાસે જેટલી ચલ-અચલ સંપત્તિ છે, તેનાથી બહેતર અને વધુ જોઈએ. મુશ્કેલી એ છે કે ભવ્ય મકાનો કે અથાગ સંપત્તિઓના માલિકોને નથી ખબર કે વધારાની મિલકત, સંપદાનો ઉપયોગ કેવી રીતે કરીએ. બહેતર જીવન માટે મનુષ્યને કેટલું જોઈએ, અને તેને મેળવવાના ઉપાયોથી અજાણ વ્યક્તિઓને અભાગી જ કહી શકાય. વધારેની ચાહતમાં ભટકતા તેઓ બિચારા જાણતા નથી કે સીમિત સુવિધાઓ-સાધનો છતાં સુકમય જીવન વિતાવી શકાય છે. સુસ્વાદુ કે વધુ ભોજનનું સેવન વ્યક્તિને વધુ સ્વસ્થ નથી રાખતું, ઉપરથી તે અનેક વ્યાધિઓનું કારણ બને છે. જેટલી બીમારીઓ અને મોત વધુ ખાવાથી થઈ રહ્યા છે, એટલા ઓછું ખાવાથી નથી થતા. ઈશ્વરનો આભાર માનતાં ભોજનની સીમિત માત્રા આપણને જરૂરી પોષણ પ્રદાન કરે છે. સારી રીતે ખાવા-પીવા, પહેરવા-ઓઢવા, સ્વસ્થ રહેવા માટે ઝાઝું નથી જોઈતું. પશુ-પક્ષી તેનાથી વધારેની લાલસા નથી રાખતા, જેટલું એ ક્ષણે આવશ્યક છે, ના તેઓ સંઘરો કરે છે. તેથી તેઓ નિશ્ચિંત રહે છે. શહેરી કચરાપેટીઓમાં નાખી દેવામાં આવતા ખાવા યોગ્ય ભોજનથી એ શહેરનો ભૂખમરો મટી શકે છે. શબ્દ હોય, ધન હોય કે ઊર્જા, જ્યાં થોડાથી કામ થઈ જતું હોય ત્યાં વધુનો ઉપયોગ બુદ્ધિમાની નથી. એવું કરવું સંસાધનોનો દુરુપયોગ અને તેની અવમાનના, જે ઈશ્વરીય વિધાન અનુસાર દંડનીય છે.

## આગેવાનો અને રાજકારણીઓની પરખ કરવાની ઈચ્છા શક્તિ આપણે લોકો ખોઈ બેસ્યા છીએ



સ્વતંત્રતા સેનાનીઓ સાથે હાલના નેતાઓની સરખામણી કરીને લોકો તેમને નિલજ્જતાથી વગોવી રહ્યાં છે પરંતુ ત્યારની અને હાલની પરિસ્થિતિ વચ્ચે જમીન આસમાનનો ફરક છે. આઝાદીની લડત વખતે જે લોકો રાજનીતિમાં જોડાયા એ બધાને પોલીસનો લાઠીમાર, જેલવાસ અને કારાવાસ સિવાય બીજુ કશુ જ મળવાનુ ન હતું. તેથી આવા મહામાનવો સમાજ પાસેથી કંઈક લેવાની આશાએ નહી પણ સમાજને પોતાનુ સર્વસ્વ આપવા માટે અને ત્યાગની ભાવનાથી રણમેદાનમાં ઉતરી પડયા હતા. કારણ કે ત્યારે તેમણે મેળવવા કરતાં ખોવાનું જ વધારે હતું. જ્યારે આઝાદી મળ્યાં બાદ જે લોકો રાજકારણમાં આવ્યા તેમણે કશુ ખોવા જેવુ હતુ જ નહી જો આવડત અને ખુશામતખોરી હોય તો બધુ મેળવવાનું જ હતુ. અને એટલે જ તેઓ સમાજને કંઈક આપવા માટે નહીં પણ લેવા માટે આવ્યા હતા અને આજે પણ સમાજમાંથી ઉલેચી-ઉલેચીને લેવાની પ્રક્રિયા અવિરતપણે ચાલું જ છે. ત્યારે રાષ્ટ્રકલ્યાણ અર્થે લોકનેતાઓમાં ક્રાંતિમાર્ગ અને શિષ્ટાચાર ફુલ્યા ફાલ્યા હતા જ્યારે અત્યારે રાજકારણીઓમાં નર્યો ભ્રષ્ટાચાર અને વ્યભિચાર દેખાય છે અને આનુ મુખ્ય કારણ એક જ જવાબદાર છે કે આગેવાનો અને રાજકારણીઓની પરખ કરવાની ઈચ્છા શક્તિ આપણે લોકો ખોઈ બેસ્યા છીએ.લોકશાહીમાં પક્ષ એ ગૌણ છે જ્યારે લોકહિત અને રાષ્ટ્રહિત સર્વોપરી હોય છે. પરંતુ રાજનિતીના વર્તમાન અભિગમે આનો છેદ ઉડાડી દીધો છે. રાજકારણીઓ પોતાના પક્ષની ખુશામતખોરી અને વાહવાહી કરવા મા જરાય પાછા પડતા નથી અને એટલે જ આપણે તેમને રાજકારણીઓ કહીએ છીએ, લોકનેતા નહીં. લોકનેતા તો તેને જ કહી શકાય કે જે સામાન્ય જનમાનસના પ્રશ્નો સંદર્ભે પોતાના પક્ષની અનિતીઓ અને બિન કાર્યક્ષમતા સામે જાહેરમાં ટીકા ટીપ્પણી કરી શકે. લોકશાહીમાં તો લોકો જેને લાયક હોય તેવી સરકાર તેમને મળે છે. આપણાં કહેવાતા નેતાઓ નાલાયક હોય તો તેનો સીધો અને સ્પષ્ટ અર્થ એ છે કે આપણો સમાજ પણ નાલાયક છે. ખરાબ સમાજમાં સારો માણસ લોકનેતા તરીકે ટકી શકે નહી એ હકીકત નિર્વિવાદીત છે. હાલના રાજકારણમાં જે પણ દોષ અને બદીઓ છે તેને દુર કરી સુધારણા કરવાનો ઠેકો રાજકીય આગેવાનો લેવાના નથી અને તેઓ કરી શકવાના પણ નથી. સમાજ જ્યાં સુધી સ્વસ્થ, તંદુરસ્ત અને શિષ્ટાચારી ન બને ત્યાં સુધી માત્ર બહાર બેસીને ગાળો ભાંડવાથી રાજકારણમાં બદલાવ લાવી શકાય તેમ નથી. આજે એક પક્ષ બીજા પક્ષ ઉપર પરિવારવાદ, સગાવાદ જેવા આક્ષેપ-પ્રતિઆક્ષેપ ો કરી રહ્યા છે પણ હકીકત એ છે કે પરિવારવાદ અને સગાવાદ દરેક પક્ષમાં ઉધઈની જેમ ફેલાઈ રહ્યો છે અને સમાજ ધૃતરાષ્ટ્ર બનીને લોકશાહીનુ ચીરહરણ થતુ જોઈ રહ્યો છે અને જ્યા સમાજ જ ધૃતરાષ્ટ્ર હોય ત્યાં રાજકારણીઓ કૌરવો જ હોવાના ! ખરેખર વાસ્તવિક્તા એ છે કે આપણે સાચા અર્થમાં આજે પણ લોકશાહીને સ્થાપિત કરી શક્યા નથી. આપણા સમાજમાં પ્રવર્તતી અઢળક સમસ્યાઓને આપણે સુખદ રીતે ઉકેલી શકતા નથી કારણ કે આપણે વાસ્તવિક્તાને નરી આંખે જોવા માટે તૈયાર નથી. ગીતા માં પણ ભગવાન કૃષ્ણએ વાસ્તવિક્તાને સ્વીકારવાનો બોધ આપ્યો છે. લખનઉની એક જાહેરસભામાં પણ લોહપુરુષ સરદાર પટેલે કહેલું કે, વાસ્તવિક્તા પ્રત્યે આંખમીચામણાં કરશો તો તેના ભયંકર પરિણામ ભોગવવા પડશે. આજે પણ આ વાત એટલી જ સાર્વત્રિક છે. આપણે ભયંકર પરિણામો ભોગવી રહ્યાં છીએ. પક્ષ અને પ ટલી બદલુ નેતાઓ લોકમતની ઘાતકી હત્યા કરી રહ્યા છે.

---

**રૂપિયાની જરૂર નહોતી પણ કંઈક કરવું એ તેનો નિર્ણય હતો, ક્યારેક મોડું થાય તો મારતા પણ ખરા**

# આજકાલના યુવાનો વ્યસનના ભરડામાં આવતા જાય છે અને કેન્સર નામની બીમારીનો ભોગ બનતા જાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**અત્યારે એક્ટિવા અને બાઈક! એ તો ઠીક છે સમય બદલાયો છે! પણ ક્લાસિસ માંથી છૂટ્યા એટલે તરત જ અમુક છોકરાઓ એ સિગારેટ જલાવી અમુક પડીકી ખાધી અને માવા પણ.... માંડ માંડ પદંર સત્તર વર્ષની ઉંમરે આટલું વ્યસન!**

હમણાં અમે બેય વોકીંગ કરી પાછા ફરતા હતાં, તો બરોબર એ જ સમયે જ ટ્યુશન ક્લાસ છૂટ્યાં પણ ખરાં, અને શરૂ પણ થતાં હશે, એટલે યુવક યુવતીઓનું ટોળું એકઠું થયું હતું. મને મારા અગિયાર બારના નેબ્યુલા ક્લાસિસની યાદ આવી! પણ અમારી વખતે સાઈકલ હતી અને અત્યારે એક્ટિવા અને બાઈક! એ તો ઠીક છે સમય બદલાયો છે! પણ ક્લાસિસ માંથી છૂટ્યા એટલે તરત જ અમુક છોકરાઓ એ સિગારેટ જલાવી અમુક પડીકી ખાધી અને માવા પણ.... માંડ માંડ પદંર સત્તર વર્ષની ઉંમરે આટલું વ્યસન! વ્યસનની તકલીફ એ છે કે કોઈપણ કારણથી એકવાર શરૂ થાય મોટેભાગે જીવ લઈને જ જાય ! અને એમાં પણ બાહ્ય વાતાવરણમાં પણ એટલું પ્રદુષણ ઓછું હોય એમ આ પણ.. તો આજે આવો જ એક કિસ્સો. વિક્રમ પોતાના રૂમમાં લાઈટ પણ કર્યા વગર બેઠો હતો.આખો રૂમ સિગરેટના ધુમાડાથી ભરાઈ ગયો હતો. બારી પણ ખુલ્લી ન હતી, અને ઘરમાં તો બીજું કોઈ હતું જ નહીં. એક પછી એક સિગરેટ જલાવે જતો હતો, અને તેનું અંતર પણ અતીતની એ યાદને કારણે ઝલતું હતું. હજી તો એવી કઈ એની ઉંમર પણ હતી નહીં, માત્ર ૩૫ વર્ષની તેની આયુ હતી. જીવન હાથતાળી દઈ રહ્યું હતું. અને તે કંઈ જ કરી શકે તેમ ન્હોતો અથવા તો એમ કહો કે કરવા જ માંગતો ન્હોતો. કોની માટે થઈને હવે જીવવું છે? તેનું કહી શકાય તેવું તો કોઈ જ અહીં હતું નહીં. હા ૧ વર્ષ પહેલા બધા જ હતા. આ ઘર જાણે હસતું રમતું હોય તેવું રોજ અહીં ઉલ્લાસ ભર્યું હતું, અને આનંદ જાણે કે ઓળઘોળ થયે રાખતો હતો. અને જાણે અજાણ્યે વિક્રમ એ અતીતમાં ઘસડાઈ ગયો. વિક્રમ અને વાણીના લગ્ન થયા હતા, વિક્રમ એક ડીવોર્સી માતાનો એકનો એક દીકરો હતો. નાનપણમાં માતા અને પિતાના ઝઘડાઓ જોઈ જોઈને મોટો થયો હતો. તેની માતા એક વર્કિંગ વુમન હતી, અને તેના પિતા રોજ જુદી જુદી બાબતે તેની પર વહેમ કરતા હતા કે તે, ચારિત્રહીન છે. કારણકે તેને રૂપિયાની જરૂર નહોતી પણ કંઈક કરવું એ તેનો નિર્ણય હતો. ક્યારેક મોડું થાય તો મારતા પણ ખરા.તેની માતાએ ઘણી કોશિશ કરી,આ લગ્નને બચાવવાની પોતાના એકના એક પુત્ર માટે થઈ, અને તે સહન કરતી રહી. પણ અંતે તે હવે તેની સાથે રહી શકે એમ નહોતી. આથી તેને છૂટાછેડા માટે અરજી કરી. અને વ્યસની અને વહેમી પતિથી અંતે છૂટકારો મળી ગયો. વિક્રમની માતા એટલે કે મંદાકિની ને એમ હતું કે તે હવે તેના દીકરાનો બરોબર ઉછેર કરશે, અને સારા સંસ્કારો આપશે. પણ તેણે એલીમનીના રૂપિયા લેવાનો ઈનકાર કર્યો હતો, અને પોતાના બળ બુદ્ધિ પર જ પુત્ર નો ઉછેર કરવાનું વિચાર્યું હતું કારણકે, પૈસા જ પતનનું સૌથી પહેલું કારણ છે. વિક્રમના પિતા બહુ જ રૂપિયા પૈસા વાળા હતા, એટલે રૂપિયાના દમ પર તે વિક્રમની કસ્ટડી પોતે લેવા માગતા હતા.પણ કોર્ટમાં પુરવાર થઈ શક્યું નહીં. અને વિક્રમની કસ્ટડી તેની માતાને જ મળી. કારણ કે તે હજી ઘણો નાનો હતો પાંચ વર્ષનો એટલે તેના લાલન પાલન માટે માતાની જ જરૂર છે, એવું સાબિત થયું. મંદાકિની મા દીકરાના ઉછેર માટે હજી પણ વર્ક કરતી હતી, અને જોઈએ તેટલો સમય દીકરાને આપી શકતી ન હતી. પણ તેનું પૂરું ધ્યાન તેની પર કેન્દ્રિત હતું. ધીરે ધીરે વિક્રમ મોટો થવા લાગ્યો પછી તો પ્રાથમિક હાઈસ્કૂલ અને કોલેજમાં આવી ગયો. હાઈસ્કૂલમાં હતો ત્યારે જ સ્કૂલમાં જ તેના પપ્પા તેને મળવા આવતા અને રૂપિયા આપતા, કારણ કે ભેટ આપે તો મમ્મીને ખબર પડી જાય. અને આમ તેને રૂપિયાની ટેવ પડી ગઈ. અને રૂપિયામાંથી તેને વ્યસનની ટેવ પણ પડી. હાઈસ્કૂલમાં હતો ત્યારથી જ તેને સિગરેટની ટેવ પડી ગઈ હતી. આ ટેવને કારણે તે ઘરમાં હોય, ત્યારે વધારે પોતાના રૂમમાં જ રહેતો. અને ભોળી મમ્મીને એમ લાગતું કે તે અભ્યાસમાં વ્યસ્ત છે. તે અભ્યાસ પણ ઠીકઠાક કરી લેતો હતો અને એકંદરે પરિણામ સારું આવતું હતું, એટલે આગળ ચાલી જતું હતું. આમ તે ગ્રેજ્યુએટ થઈ ગયો, પણ આ વ્યસન તેનો કેડો મૂકતું ન હતું. હવે તો મમ્મી રિટાયરમેન્ટ ને આરે હતી. અને તેને સર્વિસ ગોતવી પડે તેમ જ હતું. પણ એવું ખાસ કોઈ ભણતર હતું નહીં. દસ વીસ હજારની નોકરી તેને કરવી ન હતી. વળી પાછો બાપનો રૂપિયો જ યાદ આવ્યો. અને પહોંચી ગયો પપ્પા પાસે ધંધો કરવો છે, એમ કરી ને થોડા ઘણા રૂપિયા માગ્યા. હવે આજ મોકો હતો, તેના પપ્પાને તેને પોતાની તરફ કરવાનો. એટલે તેણે પણ વિક્રમે માંગ્યા હતા તેના કરતા ડબલ રૂપિયા આપ્યા. વિક્રમ એ રૂપિયામાંથી ધંધો શરૂ કર્યો, અને થોડેક અંશે સફળ પણ થયો.અને ધંધામાં પાંચ વર્ષ થઈ ગયા.જ્યારે તેની મમ્મીને આ વાતની ખબર પડી ત્યારે તેણે બહુ જ ગુસ્સો કર્યો અને, સંબંધ તોડવાની વાત પણ કરી. પણ વિક્રમને જાણે કંઈ અસર ન થઈ હોય તેમ તે વર્તવા લાગ્યો. વિક્રમની માતાને એવું લાગ્યું કે પોતાનું આટલુ બલિદાન એળે ગયું. તેની તબિયત પર અસર થવા લાગી, એકાએક હાર્ટની બીમારી લાગુ પડી ગઈ. બી પી હાઈ રહેવા લાગ્યું, અને ડિપ્રેશનનો પણ શિકાર થઈ ગયા. વિક્રમના લગ્ન પણ થઈ ગયા હતા, વીણા સ્વભાવે શાંત અને એકદમ સંસ્કારી છોકરી હતી.વિક્રમની મમ્મી ને હૈયે થોડી ધરપત થઈ કે હવે વિક્રમ જીવન થોડું સુધરી જશે. હવે તો તેને પણ ખબર પડી ગઈ હતી કે, વિક્રમને સિગરેટ અને દારૂનું વ્યસન છે. એક દિવસ તેની મમ્મીને છાતીમાં દુખાવો ઉપડ્યો અને સીવીયર હાર્ટ એટેક આવ્યો, અને તે ઈશ્વરને પ્યારી થઈ ગઈ. અચાનકના મમ્મીના મૃત્યુથી હતાશ થઈ ગયો,અને પોતાને જ તેના મૃત્યુનું કારણ માનવા લાગ્યો. એમાં અધૂરામાં પૂરું ધંધામાં બેધ્યાન થવાથી ધંધામાં પણ ખોટ આવી. તે વધુ હતાશ થઈ ગયો, અને વ્યસન છોડવાની બદલે વધુ ને વધુ તેમાં ગરકાવ થતો ગયો. આ વાતની અસર તેના દાંપત્ય જીવન પર પણ પડી. વીણા ખૂબ જ સહનશીલ હતી, પણ આ વ્યસનની ટેવ તેને પસંદ નહોતી. એક દિવસ તેણે વિક્રમ બધી જ દારૂની બોટલ અને સિગરેટ સંતાડી દીધા. તેને એમ કે તે પોતાના પ્રેમથી તેને આ વ્યસનની ટેવથી દૂર લઈ જશે, અને તેને આ પ્રેમનો નશો થશે, પછી પેલા ક્ષણ બેક્ષણ ના નશાથી તે આપોઆપ દૂર થઈ જશે. પણ આ તો વર્ષો જૂની આદત હતી, તે એમ કઈ રીતે ભૂલાય, એટલે વારંવારના માંગવા છતાં, જ્યારે વીણાએ ના આપ્યો ત્યારે તેને ગુસ્સો આવ્યો, અને તેણે વીણાને મારી. વીણા ગમે તેમ તો પણ આધુનિક યુગની યુવતી હતી. એટલે તેને પોતાનું સ્વમાન ઘવાતુ લાગ્યું.અને તેણે વિક્રમ છોડવાનો નિર્ણય લઈ લીધો. તેણે વિક્રમને બતાવ્યા વગર જ ઘર છોડીને ચાલી ગઈ. ઘણી કોશિશ કરી શોધવાની,પણ ના મળી, અને આજે એ વાતને એક વર્ષ થઈ ગયું હતું.તેના ગયા પછી તો કોઈ જ રોકટોક કરવા વાળું હતું નહીં, બેફામ રીતે આ બધું થતું હોવાથી તેની તબિયત ખરાબ થઈ ગઈ અને હવે તો ડોક્ટરે પણ અલ્ટીમેટમ આપી દીધું હતું કે, તેનું જીવન જોખમમાં છે અને તેને ફેફસાનું કેન્સર જાહેર થયું છે. બસ આજ વાત છે વિક્રમના અતીતની. મિત્રો આજકાલની જુવાની આ વ્યસનના ભરડામાં આવતી જાય છે પાન, સિગરેટ, તમાકુ,બીયર, દારૂ, વગેરેનાં વ્યસનો કુમળી વયથી જ જાણ્યે અજાણ્યે થઈ જતા હોય છે. યુવાનો કેન્સર નામની ગંભીર બીમારીનો ભોગ યુવાનો વધુ ને વધુ બનતા જાય છે. નાના એવા કારણથી પણ હતાશાનો શિકાર બની જાય છે, અને પોતાનું અણમોલ જીવન આ રીતે દાવ પર લાગી જાય છે.




---

**વાંચનની ટેવ જીવનમાં પાડો જીવન મધુર રસપ્રદ લાગશે... પુસ્તક દિવસ રોજ માનવીએ**

# વૃક્ષો ત્યારે જ આપણને ફળ આપે જ્યારે આપણે તેને યોગ્ય ખાતર, પાણી સમયાંતરે આપી તેની યોગ્ય કાળજી લઈએ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સમાજમાં પણ જ્યાં સુધી આપણું જીવન દાન અને પરોપકારમાં વ્યસ્ત રહેશે ત્યાં સુધી આપણી પ્રતિષ્ઠા અકબંધ રહેશે અને આપણી ઉપયોગીતા પણ જળવાઈ રહેશે**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે ચૈત્ર માસમાં ચિંતન મનન કર્યું અને કરીશું ભગવદ્ ગીતાના એક એક અધ્યાયમાં જીવન જીવવાની કળા છે. તેમાં કહ્યું છે કે જે ઉપયોગી છે તે પણ મૂલ્યવાન છે, આ કુદરતનો સનાતન નિયમ છે.જો તમારું જીવન કેરી જેવા મીઠા ફળ વહેંચવાનું હોય તો દરેક વ્યક્તિ તમારી સેવા કરવા અને રક્ષણ કરવા તત્પર રહેશે અને જો તમારું જીવન બીજાને બાવળની જેમ પીવડાવવાનું હોય તો દરેક તમારી અવગણના કરશે. જે પોતાના માટે જીવે છે તેના પર કોઈ ધ્યાન આપતું નથી, પરંતુ જ્યારે તમે બીજા માટે જીવતા શીખો છો ત્યારે તેઓ પણ તમારા માટે જીવવા લાગે છે. વૃક્ષો ત્યારે જ આપણને ફળ આપી શકે છે જ્યારે આપણે તેમની યોગ્ય કાળજી લઈએ, તેમને ખાતર, પાણી સમયાંતરે આપીએ અને તેમની યોગ્ય કાળજી લઈએ. એ જ રીતે સમાજમાં પણ જ્યાં સુધી આપણું જીવન દાન અને પરોપકારમાં વ્યસ્ત રહેશે ત્યાં સુધી આપણી પ્રતિષ્ઠા અકબંધ રહેશે અને આપણી ઉપયોગીતા પણ જળવાઈ રહેશે.દાન કરવાથી જ પ્રતિષ્ઠા વધે છે.તમે બીજા માટે સારું વિચારો,તમે બીજા માટે જીવતા શીખો, હજારો લાખો હોઠ દરરોજ તમારા માટે પ્રાર્થના કરવા આતુર હશે. ગઈકાલે વિશ્વ પુસ્તક દિવસ ગયો પણ વાંચન કયાં આ એક પ્રશ્ન્ન આપણા સૌના હદય મનમાં સળવળાટ કરતો હતો ત્યાં આ એક સરસ વાત રજૂ કરવાનું મન થયું. એક ખેતરના ખૂણા પર મકાન બનાવીને એક કુટુંબ રહેતું હતું. માં-બાપ, દાદાજી, તેમનો પૌત્ર. માં-બાપ રોજે મજુરી ઉપર નીકળી જતા, અને ઘરે દાદાજી અને દસ વરસનો પૌત્ર જ રહેતા. દાદાજી રોજે સવારે વહેલા ઉઠીને બારી પાસે મુકેલી ખુરશી પર બેસી ને પુસ્તકો વાંચતા રહેતા. એક દિવસ પૌત્રએ પૂછ્યું: ''દાદા.. હું તમારી જેમ જ ચોપડી વાંચવા નો પ્રયત્ન કરું છું, પણ હું તેમાં કઈ સમજતો નથી. અને હું જે કઈ પણ સમજુ છું એ એક-બે દિવસમાં ભૂલી જાઉં છું. ઘણીવાર તો બુક બંધ કરું ને પાછળ બધું ભુલાઈ જાય છે. તમે પણ બધું ભૂલી જાઓ છો. તો પછી પુસ્તકો અને કહાનીઓ વાંચવાનો મતલબ શું?'' દાદાજી હસ્યા, અને ઉભા થઈને રસોડામાં ગયા અને લોટ ચાળવા નો ગંદો હવાલો લઈને આવ્યા. પોતાના પૌત્રને કહ્યું: ''આ હવાલો લે,અને બહાર ખેતરમાં જતા પાણીના ધોરીયામાંથી હવાલો ભરીને લેતો આવ. મારે આ હવાલામાં સમાય એટલું પાણી જોઈએ છે.'' દીકરાને જેમ કહેલું તેમ કર્યું, પરંતુ હવાલો ભરીને દોડતો દાદાજી પાસે આવ્યો એ પહેલા જ હવાલા ના કાણાઓ માંથી બધું પાણી લીક થઈ ગયું. દાદાજી હસ્યા અને કહ્યું: ''બીજી વાર ભરતો આવ, પરંતુ આ વખતે ઝડપથી દોડીને આવજે.'' દીકરો બીજી વાર ગયો, પણ ફરીથી તે દાદાજી પાસે પહોંચે એ પહેલા હવાલો ખાલી હતો! હાંફતા-હાંફતા તેણે દાદાજીને કહ્યું કે આ હવાલામાં તો પાણી ભરીને લાવવું અશક્ય લાગે છે. હું એક ગ્લાસમાં કે લોટામાં ભરતો આવું. પરંતુ દાદાજી કહે: ''ના. મારે આ હવાલામાં સમાય એટલું પાણી જ પીવું છે! મને લાગે છે તું સરખી કોશિશ નથી કરી રહ્યો.'' છોકરો ફરી બહાર ગયો,અને પૂરી ઝડપ થી દોડતો આવ્યો, પણ હવાલો ફરી ખાલી જ હતો! થાકીને જમીન પર બેસીને દાદાજી ને તેણે કહ્યું: ''દાદા...કહું છું ને... આ નકામું છે. ના ચાલે.'' ''ઓહ... તો તને લાગે છે કે આ નકામું કામ છે?'' દાદાજીએ કહ્યું, ''તું એકવાર હવાલા સામે તો જો.'' છોકરાએ હવાલાને જોયો અને પહેલીવાર તેણે જોયું કે હવાલો બદલાઈ ગયો હતો. તે જુના ગંદા હવાલા માંથી ધોવાયેલો, ચોખ્ખો, ચળકતો હવાલો બની ગયો હતો. તેના દરેક મેલ ધોવાઈ ગયા હતા. દાદાજીએ હસીને કહ્યું:''બેટા... જયારે તમે પુસ્તકો વાંચો ત્યારે આવું થાય છે. તું કદાચ બધું સમજે નહી, કે બધું યાદ ન રહે, પરંતુ જયારે તમે વાંચો, ત્યારે તમે બદલાતા હો છો. અંદર અને બહાર પણ. કોઈ પણ કહાની કે કોઈ સારી વાત તમને અંદરથી થોડા ધોઈ નાખે છે, અને તમારો મેલ દુર કરે છે.'' વાચક ચાહક મિત્રો, ગઈકાલે ચૈત્રી પૂનમ હનુમાન જયંતીની સાથે બુક્સ ડે પુસ્તક દિવસની ઉજવણી કરી.. આપણે એક ટુંકી વાત પણ જોઈ અને હવે છેલ્લે લોકસભા ચૂંટણી સુરતેહાલ રૂપાલાના માહોલ વચ્ચે ભગવદ્ ગીતામાં કહ્યું છે કે જે લોકો બીજાનું ભલું કર્યા પછી ભૂલી જાય છે તેમનો હિસાબ કુદરત પોતે જ યાદ રાખે છે, પરંતુ જે લોકો આદતપૂર્વક પોતાના સારા કાર્યોનો ચોપડો લઈને ફરે છે, તેમના સારા કાર્યો આ સ્વભાવથી ભૂલી જાય છે. તમારા ગુણોની વધુ પડતી અભિમાન કરવાથી તમારા ગુણોનું ફળ નાશ પામે છે. તમારા દ્વારા આ જીવનમાં જે પણ પુણ્ય કર્મો કરવામાં આવે છે, તેને સાચા માની લો, આ પ્રકૃતિ ચોક્કસપણે તેમને સંચિત કરે છે અને જ્યારે જરૂર પડે છે, તમારી ભૂલ હોવા છતાં, તે ચોક્કસપણે યોગ્ય પરિણામ આપે છે. યાદ રાખો, માણસ ફક્ત તેના કાર્યોનો હિસાબ રાખી શકે છે પરંતુ તેના પરિણામો જાહેર કરી શકતો નથી કારણ કે તે અધિકાર ફક્ત આ પ્રકૃતિ પાસે જ અનામત છે. વૃક્ષો એવા પસંદ કરવા કે જેના ફળ, ફલ,પાન, છાલા વગેરે પાકને આડકતરી રીતે નુકશાન ન કરતા હોય અને જમીનમાં સારી રીતે અને જલદીથી સડીને ને ભળી જતા હોય. નાઈટ્રોજન તેમજ અન્ય પોષક તત્ત્વો જમીનમાં ઉમેરી શકે તેવા વૃક્ષો વાવવા જોઈએ. વૃક્ષના પાંદડા, ફળ, ફલ, ડાળી વગેરે એક યા બીજી રીતે ઉપયોગી હોવા જોઈએ. વૃક્ષો કાપવાથી બીજીવાર જલદીથી ફૂટી નીકળે તેવા તેમજ તેની ડાળી તેમજ પાંદડા વારંવાર કાપી શકાય તેવા હોવા જોઈએ જેથી બળતણ તેમજ જરૂરી ઘાસચારો મળી રહે. દા.ત. ખીજડો, સુબાવળ, અરડુસો. વૃક્ષ ઓછી ઘટાવાળું હોય અને જેના મૂળ જમીનમાં ઊંડે સુધી જતા હોય તેમજ પાકને છાંયો ન રહે તેમજ સારી ઊંચાઈવાળા હોવા જોઈએ. વૃક્ષોનો વિકાસ ઝડપથી થાય તેવા હોવા જોઈએ. દા.ત. અરડુસો, નીલગીરી. સારું કરો અને ભૂલી જાઓ કે જ્યારે સમય આવશે, ત્યારે કુદરત પોતે જ તમને બદલો આપશે. જય માતાજી અસ્તુ.



# વિક્રાંત મેસી 'ધ સાબરમતી રિપોર્ટ' સાથે એક દર્દનાક વાર્તા લાવી રહ્યા છે

## ફિલ્મની વાર્તા ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતમાં ગોધરા રેલવે સ્ટેશન પાસે સાબરમતી એક્સપ્રેસમાં બનેલી ઘટના પર આધારિત છે

ફિલ્મ 'ધ સાબરમતી રિપોર્ટ'ની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી. વિક્રાંત મેસી આ ફિલ્મ સાથે દિલને હચમચાવી દે તેવી સ્ટોરી લઈને આવી રહ્યા છે. ફિલ્મની વાર્તા ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના રોજ ગુજરાતમાં ગોધરા રેલવે સ્ટેશન પાસે સાબરમતી એક્સપ્રેસમાં બનેલી ઘટના પર આધારિત છે. હવે મેકર્સે 'ધ સાબરમતી રિપોર્ટ'નું ટીઝર રિલીઝ કર્યું છે. ટીઝરમાં દર્શકો માટે એક ખૂબ જ હૃદયદ્રાવક ઘટના રજૂ કરવામાં આવી છે. આ ફિલ્મ એક અલગ અસર છોડવા માટે તૈયાર છે. 'ધ સાબરમતી રિપોર્ટ'ના ટીઝરમાં ૨૨ વર્ષથી છુપાયેલા અજાણ્યા તત્વોની ઝલક આપવામાં આવી છે. ૨૨ વર્ષ પહેલા સાબરમતી એક્સપ્રેસમાં એક દુઃખદ ઘટના બની હતી. ટીઝરમાં અભિનેતા વિક્રાંત મેસી, રાશિ ખન્ના અને રિદ્ધિ ડોગરા દમદાર ભૂમિકામાં દેખાડવામાં આવ્યા છે. ત્રણેય મળીને સત્ય બહાર લાવવાનો પ્રયાસ કરી




રહ્યા છે. વિક્રાંતનું પાત્ર કોઈ પણ ભોગે સત્ય દેશની સામે રાખીને લોકોને ઉજાગર કરવાના સંઘર્ષમાં વ્યસ્ત છે. આ ટીઝરની શરૂઆત અયોધ્યા જતી સાબરમતી ટ્રેનમાં બેઠેલા ભક્તોથી થાય છે. આ પછી ટ્રેન પર પથ્થરમારો થતો જોવા મળે છે. આ પછી તમે રિદ્ધિ અને વિક્રાંતના પાત્રો જુઓ. બંને સમાચાર વિશે વાત કરી રહ્યા છે. આ તે છે જ્યાં રેસ શરૂ થાય છે. વિક્રાંત મેસીની સાથે રાશિ ખન્ના પણ પડદા પાછળની વાર્તાનો પીછો કરતી જોવા મળે છે. ટીઝરના ડાયલોગ્સ અને વિઝ્યુઅલ તેની અસરને વધારે છે. ટીઝર પરથી સ્પષ્ટ થાય છે કે આ ફિલ્મ ખૂબ જ શાનદાર બનવાની છે.

'ધ સાબરમતી રિપોર્ટ'ના ટીઝર પહેલા મેકર્સે ગોધરા સળગતી ટ્રેન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોની યાદમાં એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં વિક્રાંત મેસી હિન્દીમાં સમાચાર વાંચતો જોવા મળ્યો હતો. અન્ય પાત્રો આને સારું માનતા નથી. નવા ટીઝરમાં પણ તે હિન્દી ભાષા વિશે વાત કરી રહ્યો છે. વિક્રાંત મેસીનું પાત્ર કહે છે - 'હા, હું હિન્દી વ્યક્તિ છું અને આ દેશમાં મારા જેવા કરોડો છે, જેઓ હિન્દી પણ બોલે છે અને સમજે છે. પરંતુ મને પૂરો વિશ્વાસ છે કે એક સમય એવો આવશે જ્યારે હિન્દી આપણી ઓળખ બની જશે. અને પછી ભારત ભારત બનશે. બાલાજી ટેલિફિલ્મ્સ લિમિટેડના વિભાગ, બાલાજી મોશન પિક્ચર્સ દ્વારા પ્રસ્તુત અને એ વિકીર ફિલ્મ્સ પ્રોડક્શનના બેનર હેઠળ નિર્મિત, 'ધ સાબરમતી રિપોર્ટ' ૩ મે, ૨૦૨૪ના રોજ રિલીઝ થશે. તે રંજન ચંદેલ દ્વારા નિર્દેશિત છે. શોભા કપૂર, એકતા કપૂર, અમૂલ વી મોહન અને અંશુલ મોહન તેના નિર્માતા છે.



૯૦ના દસકા દરમિયાન બોલિવૂડમાં વ્યાપેલી અસમાનતા પર રવિનાનો અફસોસ વ્યક્ત

# ૧૫ ફિલ્મો બાદ આમિર ખાન અને સલમાન ખાનની એક ફિલ્મ જેટલી કમાણી થતી

રવિના ટંડન પાછલા ત્રણ દાયકાથી બોલિવૂડમાં એક્ટિવ છે. ઉંમર પ્રમાણે રોલની પસંદગી કરનારી રવિના ટંડને ૯૦ના દસકામાં સંખ્યાબંધ હિટ ફિલ્મો આપી હતી. ફિલ્મોમાં અલગ-અલગ પ્રકારના રોલ કરનારી રવિનાએ સેકન્ડ ઈનિંગમાં ઓટીટી પ્લેટફોર્મ પર વધારે ધ્યાન આપ્યું છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યૂ દરમિયાન રવિના ટંડને ૯૦ના દસકા દરમિયાન બોલિવૂડમાં વ્યાપેલી અસમાનતા અંગે અફસોસ વ્યક્ત કર્યો હતો. રવિનાએ જણાવ્યુ હતું કે, આમિર અને સલમાન જેવા કો-સ્ટાર્સને એક ફિલ્મમાં જેટલી ફી મળતી હતી, તેટલી આવક મેળવવા માટે તેમને ૧૫ ફિલ્મો કરવી પડતી હતી. મહિલા અને પુરુષો માટે ફીના અસમાન ધોરણો અંગે રવિનાએ નિખાલસ વાત કરતાં જણાવ્યું હતું કે, ૯૦ના દસકામાં વધારે નાણાં મળતા ન હતા. તે દિવસોમાં ખૂબ ઓછા નાણા મળતા હતા. વળી, એક્ટર અને એક્ટ્રેસ વચ્ચે ફીના ધોરણો ખૂબ અસમાન હતા. પુરુષ સ્ટાર્સને ઘણી-ઘણી વધારે ફી મળતી હતી. આ અસમાનતા એટલી બધી હતી કે, તેમને એક ફિલ્મમાં જેટલી આવક થતી હતી, તેટલી ફી મેળવવા માટે મહિલા સ્ટારે ૧૫-૨૦ ફિલ્મો કરવી પડતી.

### મારી કારકિર્દીમાં આનો અફસોસ છે

# મનીષા કોઈરાલાએ માધુરી દીક્ષિત સાથે કામ કરવાની ના પાડી હતી

મનીષા કોઈરાલા હંમેશા ભારતીય સિનેમાની શ્રેષ્ઠ અભિનેત્રીઓમાંની એક માનવામાં આવે છે. મનીષાએ 'ખામોશી', 'બોમ્બે', 'દિલ સે', 'મન', 'લજ્જા' સહિત ઘણી શાનદાર ફિલ્મોમાં કામ કર્યુ હતું. તેઓ તેમના સમયના અગ્રણી ફિલ્મ નિર્માતાઓના જુદા જુદા પ્રોજેક્ટ્સમાં જોવા મળ્યા હતા. હવે મનીષા ટૂંક સમયમાં સંજય લીલા ભણસાલીની વેબ સિરીઝ 'હીરામંડી'માં જોવા મળશે. પોતાના કરિયર વિશે વાત કરતાં તેણે જણાવ્યું કે તેનો સૌથી મોટો અફસોસ શું છે. બહુ ઓછા લોકો જાણે છે કે ફિલ્મ નિર્માતા યશ ચોપરાએ તેમની બ્લોકબસ્ટર હિટ ફિલ્મ 'દિલ તો પાગલ હૈ' મનીષા કોઈરાલાને ઓફર કરી હતી. મનીષાને તે રોલ ઓફર કરવામાં આવ્યો હતો, જે બાદમાં કરિશ્મા કપૂરે કર્યો હતો. પણ આ જ અનુભવ હતો જેણે મનીષાને તેની પસંદગી વિશે વધુ વિચારવા મજબૂર કરી.



મનીષા કોઈરાલાએ તે સમયને યાદ કર્યો અને કહ્યું, 'મારા કરિયરમાં મને એ વાતનો અફસોસ છે કે મેં યશ ચોપરાની ફિલ્મમાં કામ કર્યું નથી. મારી સ્પર્ધા માધુરીજી સાથે હતી અને હું ડરી ગઈ હતી. મેં તે પ્રોજેક્ટનો ઈનકાર કર્યો હતો.મનીષા કોઈરાલાએ આગળ કહ્યું, 'મારા સમયના દરેક અભિનેતા, જ્યારે યશજી જીવતા હતા, તેમની સાથે કામ કરવા માંગતા હતા, કારણ કે તેઓ મહિલાઓને ખૂબ જ સુંદર રીતે રજૂ કરતા હતા. હું યશજીની ઓફિસે ગયો અને તેમને કહ્યું, 'સર, મારું સપનું તમારી હિરોઈન બનવાનું છે, પણ સોલો. તમે મને માધુરી જીની સામે ઉભો કરી રહ્યા છો. પરંતુ મારા નિર્ણય છતાં, મેં ઘણું ગુમાવ્યું.મનીષા કોઈરાલાએ યશ ચોપરાની ફિલ્મ ના પાડી હોવા છતાં તે પછી માધુરી દીક્ષિત સાથે ફિલ્મ 'લજ્જા'માં જોવા મળી હતી. આ વિશે વાત કરતાં મનીષાએ કહ્યું, 'વર્ષો પછી, જ્યારે રાજકુમાર સંતોષીજીએ મને લજ્જાની ઓફર કરી, ત્યારે મેં તેને હા પાડી, કારણ કે મેં પહેલાં એક વખત ભૂલ કરી હતી. લજ્જાની વાર્તા અદ્ભુત હતી. તે મહિલાઓ અને તેમની સમસ્યાઓ પર આધારિત હતી. અને તે વિષય પર હું મારું હૃદય ગુમાવી બેઠો હતો. મને લાગે છે કે જ્યારે તમારી પાસે મજબૂત દિગ્દર્શક હોય, અને તમને તમારામાં વિશ્વાસ હોય, ત્યારે સુરક્ષાની લાગણી થાય છે. આ ઉપરાંત, મેં પહેલેથી જ એક મોટો પ્રોજેક્ટ છોડવાની ભૂલ કરી હતી, જે મારી કારકિદી માટે સીમાચિહ્ન સાબિત થઈ શકે છે. મેં વિચાર્યું કે મારી અસલામતીને કારણે હું તે ભૂલનું પુનરાવર્તન કરવા માંગતો નથી. તેથી હું ખુશ છું કે મેં તે ફિલ્મ કરી. મને શરમ પર ગર્વ છે.મનીષા કોઈરાલાએ પણ માધુરી દીક્ષિતના વખાણ કર્યા હતા. તેણે કહ્યું, 'માધુરી જી ખૂબ જ સારી વ્યક્તિ અને અભિનેત્રી છે. મારા માટે અસુરક્ષિત થવાની કોઈ જરૂર નહોતી.



### આયુષે અર્પિતા સાથેના લગ્ન વિશે વાત કરી

# બોલિવૂડના બ્રેક માટે આયુષ શર્માએ સલમાનની બહેન સાથે લગ્ન કર્યા?

'એન્ટીમ'માં સલમાન પોતે પણ આયુષ શર્મા સાથે ફિલ્મમાં જોવા મળ્યો હતો. હવે રુસલાને કહ્યું છે કે કેવી રીતે સોશિયલ મીડિયાએ આ વાર્તા બનાવી હતી કે તેણે બોલિવૂડમાં બ્રેક મેળવવા માટે સલમાનની બહેન સાથે લગ્ન કર્યા હતા. સિદ્ધાર્થ કન્નન સાથેના એક ઈન્ટરવ્યુમાં આયુષે કહ્યું કે તેના પર ઘણીવાર આરોપ લગાવવામાં આવે છે કે તેણે બોલિવૂડમાં નામ બનાવવા માટે અર્પિતા સાથે લગ્ન કર્યા હતા. આયુષે કહ્યું, 'લોકો નથી જાણતા કે જ્યારે મેં લગ્ન કર્યા ત્યારે મેં સલમાનને કહ્યું હતું કે હું અભિનય કરવા નથી માંગતો. મેં તેને કહ્યું- 'મારા પર વિશ્વાસ કરો, મેં ૩૦૦ ઓડિશન આપ્યા છે અને તેમાંથી બે પણ ક્રેક કરી શક્યા નથી.' સલમાને કહ્યું- 'દીકરા, તારી ટ્રેનિંગ સારી નહોતી, હું તને ટ્રેનિંગ આપીશ.' આયુષે વાતચીતમાં આગળ જણાવ્યું કે કેવી રીતે તેણે તેની ડેબ્યૂ ફિલ્મ 'લવયાત્રી' માટે સલમાનની માફી માંગી હતી. તેણે કહ્યું, 'આ કથા એવી બનાવવામાં આવી છે કે હું મારા ભાઈ-ભાભીના પૈસા વેડફી રહ્યો છું. શું મારે મારી આવકની વિગતો શેર કરવી જોઈએ? 'લવયાત્રી' દરમિયાન જ્યારે સલમાને મને ફોન કર્યો ત્યારે મારી આંખોમાં આંસુ હતા. મેં કહ્યું- 'માફ કરશો, મેં તમારા પૈસા બગાડ્યા'. જ્યારે છેલ્લા એકના ડિજીટલ રાઈટ્સ અને સેટેલાઈટ રાઈટ્સ વેચાયા ત્યારે મને રાહત થઈ હતી. સલમાન હંમેશા આયુષને પ્રમોટ કરતો રહ્યો છે. આ વખતે જ્યારે આયુષ સલમાનના પ્રોડક્શનની બહાર ફિલ્મ કરી રહ્યો છે ત્યારે પણ તે ફિલ્મનું પ્રમોશન કરી રહ્યો છે. સોશિયલ મીડિયા પર આયુષની ફિલ્મ 'રુસલાન'નું ટ્રેલર શેર કરતા સલમાને લખ્યું, 'આયુષ, 'રુસલાન'માં જે મહેનત અને સમર્પણ છે તે દેખાઈ રહ્યું છે. ભલે ગમે તે થાય, તમારું શ્રેષ્ઠ આપવાનું ચાલુ રાખો. સખત મહેનત હંમેશા સફળ થાય છે. ભગવાન તમને અને બધા શ્રેષ્ઠ આશીર્વાદ. આયુષની 'રુસલાન' ૨૬ એપ્રિલે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે. આ ફિલ્મમાં તેમની સાથે સુશ્રી શ્રેયા મિશ્રા, વિદ્યા માલાવડે અને જગપતિ બાબુ જેવા કલાકારો કામ કરી રહ્યા છે.



### જાન્હવી માટે આ પહેલી તેલુગુ ફિલ્મ છે

# જાન્હવી અને જુનિયર એનટીઆરની ફિલ્મે રિલીઝ પહેલા જ પ્રોફિટ બૂક કર્યો



## રૂપિયા ૩૦૦ કરોડમાં બનેલી ફિલ્મે રાઈટ્સ વેચીને રૂપિયા ૪૦૦ કરોડ કમાણી કરી લીધી

તેલુગુ સુપર સ્ટાર જુનિયર એનટીઆર અને જાન્હવી કપૂરની આગામી ફિલ્મ માટે ભારે ઉત્સુકતા છવાયેલી છે. જાન્હવી માટે આ પહેલી તેલુગુ ફિલ્મ છે અને તે પાન ઈન્ડિયા રિલીઝ થવાની છે. ફિલ્મને બે પાર્ટમાં બનાવવાનો નિર્ણય લેવાયો છે, જેમાંથી પહેલો પાર્ટ ૧૦ ઓક્ટોબરે રિલીઝ થવાનો છે. આ ફિલ્મની પ્રોડક્શન કોસ્ટ રૂ.૩૦૦ કરોડ હોવાનો અંદાજ છે, જ્યારે રિલીઝ પહેલા જ તેની આવક રૂ.૪૦૦ કરોડે પહોંચી છે. બોલિવૂડના બે મોટા સ્ટાર્સ એટલે કે અક્ષય કુમાર અને અજય દેવગનની ફિલ્મો બોક્સઓફિસ પર હાંફી ગઈ છે ત્યારે સાઉથની 'દેવરા'ના પ્રી-રિલીઝ બિઝનેસ અંગે રસપ્રદ માહિતી બહાર આવી છે. જે મુજબ, આ ફિલ્મે ઘણી મોટી ડીલ પાર પાડી છે. જેના કારણે 'દેવરા પાર્ટ ૧'ને રૂ.૪૦૦ કરોડની આવક થઈ ચૂકી છે. રિપોર્ટ્સ મુજબ, ફિલ્મને મળેલી આવકમાં તેના સેટેલાઈટ, ડિજિટલ, મ્યૂઝિક અને ડબિંગ રાઈટ્સનો સમાવેશ થાય છે. ફિલ્મના પ્રી-રિલીઝ બિઝનેસ અંગે ઓફિશિયલ માહિતી જાહેર થઈ નથી. એક અંદાજ મુજબ, ફિલ્મના પ્રોડક્શનમાં રૂ.૩૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ફિલ્મ પિરિયડ એક્શન થ્રિલર છે અને તેમાં સૈફ અલી ખાને વિલનનો રોલ કર્યો છે. સૈફ અલી ખાન માટે પણ આ પહેલી તેલુગુ ફિલ્મ છે. આ ફિલ્મની સ્ટોરી દરિયા કિનારાના વિસ્તારો સાથે સંકળાયેલી છે. જાન્હવી અને એનટીઆર પહેલી વખત સાથે કામ કરી રહ્યા છે. 'દેવરા'ને પાન ઈન્ડિયા રિલીઝ કરવા માટે કાસ્ટિંગમાં સાઉથ અને બોલિવૂડનું કોમ્બિનેશન કરવામાં આવ્યું છે.



દિલજીત કૌરની ટીમે આ રિપોર્ટની પુષ્ટી કરી કે અભિનેત્રી તેના પતિથી અલગ થઈ શકે છે

# એક વર્ષમાં દલજીત કૌર બીજા લગ્ન પણ તૂટ્યા

ટીવી એક્ટ્રેસ દલજીત કૌર પોતાના અંગત જીવનને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. અહેવાલો અનુસાર, અભિનેત્રી તેના બીજા પતિ નિખિલ પટેલથી અલગ થઈ ગઈ છે. દલજીતે ગયા વર્ષે જ ક્રૈંઈ બિઝનેસમેન નિખિલ પટેલ સાથે લગ્ન કર્યા હતા. પરંતુ લગ્નના એક વર્ષ પહેલા જ તેમના સંબંધોમાં તણાવ આવી ગયો હતો. આવી સ્થિતિમાં બંનેએ અલગ થવાનો નિર્ણય લીધો છે. દલજીત અને નિખિલે ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો પણ કરી દીધા છે. સાથે જ એકબીજા સાથેની તમામ તસવીરો પણ સોશિયલ મીડિયા પરથી હટાવી દેવામાં આવી છે. દિલજીતની ટીમે આ રિપોર્ટની પુષ્ટી કરી હતી કે અભિનેત્રી તેના પતિથી અલગ થઈ શકે છે. દલજીત કૌર પણ પોતાના પુત્ર સાથે ભારત પરત ફરી છે. પોતાના બીજા પતિથી અલગ થયા બાદ દલજીત કૌર હવે કામ પર પરત ફરવા માંગે છે. અભિનેત્રી એક પંજાબી ફિલ્મમાં જોવા મળશે. દલજીત આ ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. ઈ-ટાઈમ્સને આપેલા એક ઈન્ટરવ્યૂમાં દલજીતે ટીવી પર કમબેક કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. અભિનેત્રીએ કહ્યું- હું ટીવી પર પાછી ફરવા માંગુ છું. જો મને ઓટીટી પર સારું કામ મળે તો હું તે પણ કરવા માંગુ છું. નોંધનીય છે કે દલજીત કૌર નિખિલ સાથે લગ્ન કર્યા બાદ દેશ છોડીને કેન્યા શિફ્ટ થઈ ગઈ હતી. પરંતુ તેના પતિ સાથે મતભેદ થતાં તે મુંબઈ પરત ફરી છે અને પોતાના કામમાં વ્યસ્ત છે.

# આતિથ્યથી ખુશ મુમતાઝે પ્રતિબંધ હટાવવાની કરી હિમાયત

## પીઢ અભિનેત્રી મુમતાઝ હાલમાં જ તેની બહેન મલ્લિકા સાથે પાકિસ્તાનની મુલાકાતેથી પરત ફરી છે

પીઢ અભિનેત્રી મુમતાઝ હાલમાં જ તેની બહેન મલ્લિકા સાથે પાકિસ્તાનની મુલાકાતેથી પરત ફરી છે. તે સોશિયલ મીડિયા પર પાકિસ્તાનના ઘણા મોટા કલાકારો સાથે તસવીરો અને રીલ શેર કરતી જોવા મળી હતી. હવે મુમતાઝે ખુલ્લેઆમ પાકિસ્તાની આતિથ્યની પ્રશંસા કરી છે. પાકિસ્તાની કલાકારોના વખાણ કરતા મુમતાઝે તો ત્યાં સુધી કહ્યું કે ભારતે પાકિસ્તાની કલાકારો પરનો પ્રતિબંધ હટાવવો જોઈએ અને તેમને પણ અહીં કામ કરવાની તક મળવી જોઈએ. હવે ઝૂમ સાથેના એક ઈન્ટરવ્યુમાં મુમતાઝે પાકિસ્તાની સ્ટાર ફવાદ ખાનના એક ખાસ ઈશારાની ચર્ચા કરી. મુમતાઝે જણાવ્યું કે ફવાદ ખાને તેને મળવા માટે આખી રેસ્ટોરન્ટ રિઝર્વ કરી હતી. મુમતાઝે જણાવ્યું કે પ્રખ્યાત ગાયક રાહત ફતેહ અલી ખાને તેના માટે શું ખાસ કર્યું. તેણે કહ્યું, 'અમે મળ્યા ત્યારે રાહત સાહેબની તબિયત સારી નહોતી. પણ તેણે મારા માટે ગાવાનો આગ્રહ રાખ્યો. મને ખૂબ જ ખાસ લાગ્યું. મને લાગ્યું કે હું હજુ પણ મુમતાઝ છું. પાકિસ્તાનમાં તેને મળેલા



સ્વાગત અંગે મુમતાઝે કહ્યું, 'આટલો પ્રેમ, આટલો પ્રેમ, આટલા લંચ અને ડિનર, માય ગોડ!' મુમતાઝે કહ્યું કે લોકો તેને પાકિસ્તાનમાં રસ્તાઓ પર ઓળખતા હતા અને તેને આની બિલકુલ અપેક્ષા નહોતી. મુમતાઝે વધુમાં કહ્યું કે પાકિસ્તાની કલાકારોને પણ ભારતમાં કામ કરવાની તક મળવી જોઈએ. તેમણે કહ્યું, 'તેમને પણ અહીં આવીને કામ કરવાની છૂટ આપવી જોઈએ. તે પ્રતિભાશાળી છે. હું માનું છું કે મુંબઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ટેલેન્ટની કોઈ કમી નથી. પરંતુ તેમને પણ તક મળવી જોઈએ છીએ. ૨૦૧૬માં ઉરી આતંકી હુમલા બાદ પાકિસ્તાની કલાકારો પર ભારતમાં કામ કરવા પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. 'સુરક્ષા' અને 'દેશભક્તિ'ને ટાંકીને ભારતીય મોશન પિક્ચર પ્રોડ્યુસર્સ એસોસિએશને એક નિયમ બનાવ્યો હતો કે તેઓ સરહદ પારની પ્રતિભાઓને ભારતમાં કામ કરવા દેશે નહીં. મુમતાઝે જણાવ્યું કે રેસ્ટોરન્ટમાં તેની સાથે ફવાદ, તેની પત્ની અને પુત્ર જ હાજર હતા. જો કે, ઓક્ટોબર ૨૦૨૩માં, બોમ્બે હાઈકોર્ટે આ પ્રતિબંધને 'સાંસ્કૃતિક સંવાદિતા, એકતા અને શાંતિ માટે પ્રતિકૂળ' ગણાવીને ઉઠાવી લીધો હતો. કોર્ટે એમ પણ કહ્યું કે વિદેશીઓ, ખાસ કરીને પડોશી દેશોના નાગરિકોનો વિરોધ કરવો એ દેશભક્તિ દર્શાવતું નથી. કોર્ટના નિર્ણય બાદ પાકિસ્તાની કલાકારો માટે ભારતીય ફિલ્મોમાં કામ કરવાના દરવાજા ખુલી ગયા છે. આ નિર્ણય બાદ સમાચાર આવ્યા કે આતિફ અસલમ બોલિવૂડમાં કમબેક કરવા જઈ રહ્યો છે.

# ‘વિશ્વ પુસ્તક દિન’ નિમિત્તે ચૂંટણીને લગતા ગ્રંથોની શોભાયાત્રા અને ગ્રંથ પ્રદર્શન દ્વારા અચૂક મતદાનનો સંદેશો અપાયો

### ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ વખતના યુવા મતદારો દ્વારા હાથમાં ચૂંટણીને લગતા ગ્રંથો, બેનર અને પોસ્ટર્સ લઈ ‘મતદાન જાગૃતિ’ રેલી યોજાઈ



। અમદાવાદ, તા.૨૩ ।

અમદાવાદ જિલ્લામાં આગામી તા.૭મી મે, ૨૦૨૪ના રોજ યોજાનારી લોકસભા સામાન્ય ચૂંટણીને અનુલક્ષીને ‘મતદાન જાગૃતિ’ અન્વયે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અવનવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

આજે ‘વિશ્વ પુસ્તક દિન’ નિમિત્તે ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ વખતના યુવા મતદારો દ્વારા ચૂંટણીને લગતા ગ્રંથોને લઈ શોભાયાત્રા યોજાઈ હતી. આ ઉપરાંત ગ્રંથ પ્રદર્શન પણ યોજાયું હતું. યુવા મતદારોએ આ પ્રકારના અનોખા કાર્યક્રમ થકી યુવાનો અને નાગરિકોને મતદાન કરવા પ્રોત્સાહિત કરવા પ્રયાસ કર્યો હતો.

‘વિશ્વ પુસ્તક દિન’ નિમિત્તે ‘મતદાન જાગૃતિ’ અંગે યોજાયેલ ચૂંટણીને લગતા ગ્રંથોની શોભાયાત્રા તેમજ ગ્રંથ પ્રદર્શનમાં ભારતના બંધારણની પ્રતિકૃતિ, **The Electoral Process, Election & Electoral Reforms In India Election & Voters, The City Voters In India, Elections In India : A Data Handbook On Loksabha Election(1952to1980), Three General Elections In Gujarat, Elections In India** જેવા અનેક વિવિધ ગ્રંથોનો સમાવેશ કરાયો હતો. આ ઉપરાંત પ્રથમ વખતના યુવા મતદારોએ હાથમાં મતદાન જાગૃતિના વિવિધ બેનર અને પોસ્ટર્સ સાથે ‘વોટ ફોર સ્યોર’, ‘ચુનાવ કા પર્વ દેશ કા ગર્વ’ જેવાં વિવિધ સૂત્રો પોકારીને નાગરિકોને દેશહિતમાં અચૂક મતદાન કરવાની અપીલ કરી હતી. આ રેલી ગુજરાત યુનિવર્સિટીથી નીકળીને દાદાસાહેબનાં પગલાં ચાર રસ્તા, સેપ્ટ યુનિવર્સિટી, એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ, પીઆરએલના રસ્તા પર ફરી હતી. આ રેલી થકી યુવાનોને દેશહિતમાં મતદાન કરવાની અપીલ કરાઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ જિલ્લામાં મહત્તમ મતદાન થાય તે દિશામાં જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત રહી અવનવા કાર્યક્રમ યોજે છે.

# ૨૩મી એપ્રિલ ને વર્લ્ડ પુસ્તક (બુક) ડે તરીકે ઉજવવામાં આવે છે

### ફાઉન્ટેન પેન્સ : તમારા ભૂતકાળના સંસ્મરણોથી ઓથપ્રોત અને સુનહરી ભવિષ્યને લખવા માટે સજજ




। અમદાવાદ, તા.૨૩ ।

ફાઉન્ટેન પેન્સનો એક સમૃદ્ધ ઈતિહાસ છે જે ક્વિલ અથવા રીડ પેનના ઉદભવનો છે, જેને લખવા માટે શાહીમાં ડુબાડવામાં આવતી હતી. આજે, આધુનિક ફાઉન્ટેન પેન્સ મશીન-નિર્મિત નિબ્સ અને અદ્યતન શાહી ફ્લો સિસ્ટમ્સ સાથે આવે છે, જે શાહી લીક થવા અથવા સ્પિલિંગના જોખમ વિના સરળ લેખન અનુભવ પ્રદાન કરે છે. ચેન્નાઈ જે ભારતની ફાઉન્ટેન પેન કેપિટલ તરીકે જાણીતી છે, એમાં પોતાના મુખ્ય મથક ધરાવતી જાણીતી કંપની મકોબાની સ્થાપના વર્ષ ૨૦૦૯ માં થઈ હતી અને ત્યારથી જ આ કંપની પેન ઉદ્યોગમાં ગેમ-ચેન્જર છે.

૨૩મી એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસની ઉજવણી નિમ્મીતે, મકોબા એ પોતાના ઈસ્કોન ઈમ્પોરીઓ - અમદાવાદ ખાતેના સ્ટોરમાં અનોખી પેન્સનો એક આકર્ષક સંગ્રહ પ્રદર્શિત કર્યો. આ વિશિષ્ટ પ્રદર્શન સાહિત્યિક જગત અને લેખનની કળા માટે એક શ્રદ્ધાંજલિ હતી, જે પુસ્તકો ને પ્રેરણા આપે છે અને તેમના સર્જનાત્મકતા અને કલ્પનાના સારને ઉજાગર કરે છે.

મકોબાના ફાઉન્ડર્સ અને મેનેજિંગ ડિરેક્ટર્સ શ્રી શ્રીપાલ જૈન અને શ્રી નિતેશ જૈન એ સ્ટોરના નામ પાછળની હૃદયસ્પર્શી વાર્તા શેર કરી. તેણે ખુલાસો કર્યો કે સ્ટોરનું નામ તેમના વહાલા દાદાના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેઓ તેમના વતનમાં મકોબા તરીકે ઓળખાય છે. આ પર્સનલ ટચ સ્ટોરમાં નોસ્ટાલ્જીયા અને લાગણીઓનું સ્તર ઉમેરે છે, જે કંપનીના મૂલ્યો અને કૌટુંબિક વારસાને સન્માનિત કરવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. મકોબાના અમદાવાદ સ્ટોર પર પ્રદર્શિત પેન્સનો જાદુઈ સંગ્રહ માત્ર વિશ્વ પુસ્તક દિવસને જ શ્રદ્ધાંજલિ આપતો નથી પરંતુ મકોબા બ્રાન્ડ લેખન સાધનોની દુનિયામાં જે જુસ્સો અને સમર્પણ લાવે છે તેને પણ પ્રતિબિંબિત કરે છે. દરેક પેન એક એવી વાર્તા કહે છે, જે લાગણીઓ અને યાદોને ઉજાગર કરે છે, જે એક પ્રિય પુસ્તકના પૃષ્ઠોની જેમ છે.

# નેક્સસ અમદાવાદ વન મોલ ખાતે મતદાન જાગૃતિ અંતર્ગત અધિકારીઓ/કર્મચારીઓ અને સિક્યુરિટી સ્ટાફે અવશ્ય મતદાનના શપથ લીધા”



। અમદાવાદ, તા.૨૩ ।

લોકસભા ચૂંટણી ૨૦૨૪ અન્વયે જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેરશ્રી રોહીત ચૌધરીના માર્ગદર્શન મુજબ હેઠળ સઘન મતદાન જાગૃતિ અભિયાન કાર્યરત છે. શહેરમાં વિવિધ સ્થળોએ નાગરિકોમાં મતદાન જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. આવા જ એક કાર્યક્રમમાં વસ્ત્રાપુર ખાતે આવેલા અમદાવાદ વન મોલમાં મોટી સંખ્યામાં અધિકારીઓ/કર્મચારીઓને અને સિક્યુરિટી સ્ટાફને મતદાન જાગૃતિની સમજ આપવામાં આવી હતી. ઉપસ્થિતોએ અવશ્ય મતદાન કરવા અંગે શપથ લીધા હતા અને અન્યોને પણ મતદાન કરવા પ્રેરશે એવી તૈયારી બતાવી હતી. સિક્યુરિટી સ્ટાફ દ્વારા પોતાના વતનમાં જઈને મતદાન કરવાનો તથા અન્ય લોકોને પણ મતદાન કરાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.



આ પ્રસંગે મદદનીશ નોડલ ઓફિસર દ્વારા સૌને મતદાન જાગૃતિની સમજ આપીને અચૂક મતદાનના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

# દિવડા કોલોની બસ સ્ટેન્ડ ઉપર સમય પત્રકની જરૂરિયાત અંગે

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨૩ ।

દીવડા કોલોની વસાહતમાં દરેક ખાતાના કર્મચારીઓ વસવાટ કરે છે જેવા કે સિંચાઈ, ઉદવહન, પોસ્ટ, બેંકો તેમજ કોર્ટ વગેરે. અત્રે સરકારી વસાહતમાં થી અનેક વખત સરકારી કામે યા તો સામાજિક પ્રસંગોએ બહાર ગામ જવાનું થતું હોય છે જેથી બસ સ્ટેન્ડ ઉપર એસટી સમય પત્રકની ખાસ જરૂરિયાત હોઈ ડેપો મેનેજર સંતરામપુર, લુણાવાડા, ગોધરા ને આ બાબતે અનેક વખત લેખિતમાં ધ્યાન દોરવામાં આવેલ છે પરંતુ કોઈ જ કાર્યવાહી થતી નથી આ હકીકતને ચાર માસ જેટલો લાંબો સમય પસાર થવા છતાં કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી.જેથી કરીને સરકારી કર્મચારીઓમાં ખૂબ જ રોષ જોવા મળે છે તેમ જ તાત્કાલિક ધોરણે દિન પાંચ માં આ કાર્યવાહી કરવામાં આવે તેવી વસાહતીઓની લોકમાંગ છે.

# કાંકરેજ તાલુકાના થરા બહુચરાજી મંદિર ખાતે ચૈત્રી પૂનમે અન્નકૂટ ધરાવવામાં આવ્યો

। (પ્રતિનિધી) થરા, તા.૨૩ ।

કાંકરેજ તાલુકામાં ચૈત્રી પૂનમ હનુમાન જયંતીની થરા નગરમાં બહુચરાજી મંદિર ,વડા ઢટોસણ હનુમાનજી મંદિર, મૈડકોલ તથા આજબા-જુના ગામોમાં શ્રદ્ધા ભક્તિપૂર્વક ઉજવવામાં આવી.

જેમાં અન્નકુટ દર્શનનો કાર્યક્રમ જુના ગામતળમાં આવેલ બહુચરાજી મંદિર, હાઈવે પર આવેલા નિલકંઠ મહાદેવ મંદિર સ્થિત બહુચરાજી મંદિરે દાતાઓના સહકારથી અન્નકૂટ મહોત્સવ બપોરે બાર વાગ્યે ઉજવવામાં આવ્યો હતો.

રોટી સંત પૂ જલારામ બાપાના મંદિરે છેલ્લા કેટલાક વર્ષોની પરંપરા મુજબ સમૂહ પ્રસાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. થરા નગરમાં વેપારીઓએ પોતાની દુકાનો બંધ રાખી પાખી પાળી હનુમાન જયંતીની ઉજવણી ધામધૂમથી ભાગ લઈ ધન્યતા અનુભવતા નજરે પડતા હતા.



તસ્વીર : યશપાલસિંહ ટી. વાઘેલા, થરા

રાત્રે હનુમાન ચાલીસા ભજન સત્સંગ ડાયરાનું આયોજન થયું હતું તો પાંજરા પોળ, ગૌશાળા ખાતે અબોલ પશુ પક્ષીઓને ઘાસચારો ચણ નાખતા લોકો જોવા મળ્યા હતા.

# માતા માટે એક સાથી શોધવાનો એક બાળકનો નિર્દોષ પ્રયત્ન!

### મેં હું સાથ તેરેમાં તેની સિંગલ માતાના જીવનમાં ખુશાલી લાવવાના કિઆનના હૃદયસ્પર્શી પ્રયત્નને જૂઓ, શોનું પ્રિમિયર થશે ૨૯મી એપ્રિલ સાંજે ૭.૩૦ વાગે ફક્ત ઝી ટીવી પર



। મુંબઈ, તા.૨૩ ।

ક્યારેય એક નાના બાળકને તેની માતા માટે યોગ્ય સાથી શોધતા જોયો છે? તેને કોઈ પિતા જેવા વ્યક્તિ જોઈએ છે એટલા માટે નહીં પણ, એકલા હાથે બધું જ કરતી તેની માતાને એકલવાયુ જીવન જીવતા નથી જોઈ શકતો? છેલ્લા ત્રણ દાયકાથી ઝી ટીવી એક એવી ચેનલ છે, જે હંમેશા કંઈક વિચારઉત્પ્રેરક અને હૃદયસ્પર્શી વાર્તા લઈને જ તેના દર્શકોની સમક્ષ આવે છે, તો હવે તે તૈયાર છે, દર્શકોની સામે આવી જ એક હૃદયના તાર ઝણઝણાવતી તેની નવી કાલ્પનિક કથા- મૈં હું સાથ તેરે લઈને. આ વાર્તામાં એક એકલી માતા જાનવીની વાર્તા છે, જે એક માતા-પિતા બંનેનો ભાગ ભજવતી વખતે અગણિત પડકારોનો સામનો કરી રહી છે. ગ્વાલિયરની પાશ્ચાદભૂ પર આધારી આ શો તમને ભાવનાત્મક ઉતાર-ચડાવમાં લઈ જશે, કેમકે જાનવીનું આખું વિશ્વ તેને દિકરો કિઆન છે, તે હંમેશા તેને ખુશ રાખવા પ્રયત્ન કરે છે.

કિઆનને એક પિતાની જરૂર નથી, પમ તેને એવું લાગે છે કે, તેની માતાના જીવનમાં એક પુરુષની કમી છે, ખાસ તો, તે જ્યારથી એવું જોઈ રહ્યો છે કે, તે દરેક બાબતનું ધ્યાન એકલી રાખી રહી છે.

# ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી દ્વારા એકલવ્ય પરીક્ષા માટે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૩ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી છેલ્લા ૧૮ વર્ષથી કાર્યરત છે. જેમાં ધોરણ ૫ મા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનેએકલવ્ય,નવોદય,સૈનિક,જ્ઞાનસાધના, શિષ્યવૃત્તિ જેવી અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓ તૈયારી કરાવવામાં આવે છે. સાથે સાથે અનાથ, અપંગ અને અતિગરીબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન, તાલીમ અને જરૂરી મટીરીયલ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલી - મોરા - સુખસર તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા એકલવ્ય પ્રવેશ પરીક્ષા તારીખ -૨૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ એકલવ્ય મોડેલ રેસી. સ્કૂલ પ્રવેશ પરીક્ષા હોવાથી સંજેલી તાલુકાના અંદાજે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓને એકલવ્ય પ્રવેશ પરીક્ષાના વિશેષ માર્ગદર્શન માટે ફ્રી સેમીનારનું આયોજન કરીને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મોરાથી અશ્વિનભાઈ સંગાડા સાહેબ દ્વારા એકલવ્ય પરીક્ષા પદ્ધતિ માળખા વિશે સમજ આપી હતી. પેપર કેવી રીતે ઓ. એમ. આર પદ્ધતિથી લખી શકાય તેની સમજ આપી હતી.

સુખસર કેન્દ્રના સંચાલક રાજુભાઈ મકવાણાએ એકલવ્યના સંપૂર્ણ અભ્યાસક્રમ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ સેમીનારનું આયોજન ન્યુ પાર્થ એકલવ્ય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દ્વારા કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને પરીક્ષા ની શુભેચ્છા આપવામાં આવી હતી. આ સેમિનારમાં ન્યુ પાર્થ એજ્યુકેશન ગ્રુપના સભ્યો વિશેષ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડયું હતું. અને દિલીપકુમાર મકવાણાએ આભાર વ્યક્ત કર્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારી અંદર ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે। તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. ઘરમાં કોઈક સમારકામ અથવા સામાજિક મેળાવડો તમને વ્યસ્ત રાખે એવી શક્યતા છે. આજે તમારી કોઈ ખરાબ ટેવ તમારા પ્રેમી ને ખરાબ લાગી શકે છે અને તેઓ તમારી સાથે ગુસ્સે થઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમે થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. કામદેવના બાણથી બચવાની શક્યતા આજે ઓછી છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે થોડી ચિંતા ઓછી કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. તમારા જીવનસાથી આજે આખો દિવસ તમારા વિશે જ વિચારશે. કામના સ્થળે વરિષ્ઠો તથા સહ-કમર્મચારીઓ તરફથી સહકાર તમારૂં મનોબળ વધારશે.

**કર્ક (ડ,હ) :**

આજથી હૃદયરોગના દર્દીઓ માટે કૉફી છોડવાનો આ યોગ્ય સમય છે. તેનો હજી વધુ ઉપયોદ હૃદય પર બિનજરૂરી દબાણ વધારશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા। તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દૃષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**સિંહ (મ,ટ) :**

આજે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. આ રાશિ ના વેપારીઓ ને આજે પોતાના ઘર ના તે સભ્યો થી દૂર રહેવું જોઈએ જે લોકો ઉધારી પૈસા માંગે તો છે પણ પાછા નથી આપતા। બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા દિવસની શરૂઆત થોડાક વ્યાયામ સાથે કરો-તમે તમારી જાત અંગે સારી અનુભૂતિ કરો એ સમય આવી ગયો છે-તેને તમારી દૈનિક ક્રિયાનો નિયમિત હિસ્સો બનાવો અને તેને વળગી રહો. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા। તમારો પરિવાર તમારી વહારે આવશે..

**તુલા (ર,ત) :**

આજે તમારે સારો લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પ રંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. પરિવારના સભ્યો કદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે. તમારા મનના તરંગો તથા મુનસફી પ્રમાણે કામ કરવાની આશા રાખશો નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પારિવારિક પ્રસંગમાં નવા મિત્રો બનશે.પણ તમારી પસંદગીમાં સાવચેત રહેજો. સારા મિત્રો ખજાના જેવા હોય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે। યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે.

**મકર (ખ,જ) :**

આજે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. લાંબા સમય બાદ તમારા મિત્રને મળવાનો વિચાર તમારા હૃદયની ગતિ એકાદ ગબડતા પથ્થર જેવી કરી મુકશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે લાગણીની દૃષ્ટિએ તમે ખૂબ જ નિર્બળ હશો-આથી તમને ઠેસ પહોંચે એવી પરિસ્થિતિથી તમે દૂર જ રહેજો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. પરિવારના સભ્યો તમારા મત સાથે સહમત થશે. પ્રિયપાત્ર સાથે બહાર જવાનો પ્રૉગ્રામ નિષ્ફળ જવાની શક્યતા છે. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો તથા મનોરંજક પ્રૉજેક્ટમાં અનેક લોકોને સાંકળો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે.









ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ઉત્તરાખંડમાં એઆઈઆઈએમએસ ઋષિકેશના ચોથી દીક્ષાંત સમારોહમાં હાજરી આપી હતી.

### શેંગેન વિઝામાં ભારતીયોને મોટી રાહત

# ભારતીયોને ૫ વર્ષની વેલિડિટી સાથેના શેંગેન વિઝા મળી શકશે

## જેમણે વારંવાર યુરોપિયન યુનિયનના દેશોમાં જવાનું થાય છે તેમના માટે આ મોટી રાહતના સમાચાર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

યુરોપિયન યુનિયનના મોટા ભાગના દેશોની મુલાકાત લેવા માટે શેંગેન વિઝા જરૂરી છે અને ભારતીયોને શેંગેન વિઝા મામલે મોટી રાહત મળી છે. યુરોપિયન યુનિયને આ વિઝાના નિયમો હળવા કર્યા છે જેના કારણે ભારતીયોને ૫ વર્ષની વેલિડિટી સાથેના શેંગેન વિઝા મળી શકે છે. આ ઉપરાંત EUએ વિઝા કાસ્કેડ રેજિમની નવી વ્યવસ્થા લાગુ કરી છે જેના કારણે મલ્ટિપલ એન્ટ્રીની પણ સગવડ મળે છે.

શેંગેન એરિયામાં યુરોપના ૨૯ દેશોનો સમાવેશ થાય છે અને તેમાંથી ૨૫ દેશો યુરોપિયન યુનિયનના મેમ્બર છે. હાલમાં શેંગેન વિઝા હેઠળ ૧૮૦ દિવસની અંદર તમે શેંગેન એરિયામાં ૯૦ દિવસ સુધી ટ્રાવેલ કરી શકો છો. પરંતુ તેમાં તમે ક્યાંય વર્ક કરી શકતા નથી. ૧૮ એપ્રિલે યુરોપિયન યુનિયને કેટલીક છૂટછાટને મંજૂરી આપી છે. તેથી હવે માઈગ્રેશન અને મોબિલિટી વધારવા માટે લાંબા ગાળાના વિઝાને મંજૂરી આપવામાં આવી છે. અગાઉ શેંગેન કન્ટ્રીઝ દ્વારા મોટા ભાગે શોર્ટ ટર્મ વિઝા આપવામાં આવતા હતા. ભારતીય ટ્રાવેલર્સ વારંવાર શેંગેન એરિયાની મુલાકાતે જતા હોય તો પણ તેમને શોર્ટ ટર્મ વિઝા જ ઈશ્યૂ કરાતા હતા.

શેંગેન વિઝા એક એવા વિઝા છે, જે બિન-યુરોપિયન લોકોને યુરોપિયન યુનિયનના દેશોમાં મુસાફરી કરવા અને ત્યાં ટૂંકા સમય માટે રહેવાની મંજૂરી આપે છે. એન્ટ્રીની તારીખથી જ વિઝાની માન્યતા શરૂ થાય છે અને મહત્તમ ૯૦ દિવસ સુધી ચાલે છે.

આ સુધારાના કારણે સૌથી વધુ ફાયદો એવા ભારતીયોને થશે જેમણે વારંવાર યુરોપિયન યુનિયનના દેશોમાં જવાનું થાય છે. તેમણે હવે દર વખતે શેંગેન વિઝા માટે અરજી કરવાની જરૂર નહીં રહે. તમારો પાસપોર્ટ વેલિડ હોય અને તમારી ટ્રાવેલ હિસ્ટ્રીને લઈને કોઈ શંકા ન હોય તો તમને ૫ વર્ષની વેલિડિટી સાથેના શેંગેન વિઝા મળી શકે છે.

શેંગેન વિઝા મેળવવા ભારતીયો માટે વધારે કઠિન છે અને તેમાં રિજેક્શનનું પ્રમાણ સૌથી ઉંચું છે. અમેરિકા આજે ૧૦ વર્ષના વિઝિટર વિઝા આપે છે અને યુકે પણ એક લાખ રૂપિયાની ફીના બદલામાં એટલી જ વેલિટિડીના વિઝા ઈશ્યૂ કરે છે. તેની તુલનામાં શેંગેન વિઝાની વેલિડિટી ઓછી છે, પરંતુ આ એક મોટી રાહત છે.

શેંગેન એરિયામાં હવે વિઝા કાસ્કેડ રેજિમ લાગુ કરવામાં આવશે જેથી ભારતીયોએ અગાઉના ત્રણ વર્ષમાં કાયદેસર રીતે બે વિઝા મેળવ્યા હોય તો તેમને બે વર્ષની વેલિડિટી સાથે લોંગ ટર્મ મલ્ટિ-એન્ટ્રી શેંગેન વિઝા મળી શકે છે. બે વર્ષના વિઝા પછી પાંચ વર્ષની વેલિડિટીના વિઝા મળશે. જોકે, તેના માટે પાસપોર્ટમાં પૂરતો સમયગાળો બાકી હોવો જરૂરી છે. યુરોપિયન યુનિયને જણાવ્યું છે કે આ વિઝાની વેલિડિટીના ગાળા દરમિયાન વિઝાહોલ્ડરો વિઝા ફ્રી નાગરિકોની જેમ જ ટ્રાવેલિંગ રાઈટ્સ ધરાવશે. ભારત અને યુરોપિયન યુનિયન પોતાના સંબંધોને ગાઢ બનાવવા માગે છે ત્યારે આ જાહેરાત કરવામાં આવી છે. આ ફેરફાર થયા તે અગાઉ શેંગેન કન્ટ્રીઝ દ્વારા યુરોપની વારંવાર મુલાકાત લેતા ટ્રાવેલર્સને વિઝા આપવામાં આવતા હતા.

ભારતમાં છ મહિના, બે વર્ષ અને પાંચ વર્ષના વિઝા બહુ ઓછા જોવા મળે છે. દર વખતે ઈયુના મેમ્બર દેશની મુલાકાત લેવામાં આવે ત્યારે લોકોએ તેની ફી ભરવી પડે છે, એટલું જ નહીં, તેમણે નવેસરથી આખું પેપરવર્ક પણ કરવું પડે છે.

**ન્યૂઝ બ્રિફ**

## નોઈડાનો ૨૫ હજારનું ઈનામ ધરાવતો ગેંગસ્ટર થાઈલેન્ડથી ઝડપાયો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૩ ।

ઘણાં સમયથી નાસતા ફરતા ગેંગસ્ટર રવિ નાગર ઉર્ફે રવિ કાણાની અંતે ધરપકડ કરવામાં આવી છે. ગેંગરેપના આરોપી રવિ કાણાના ઠેકાણાઓ પર પોલીસ અનેક વાર દરોડા પાડી ચુકી હતી ફમ તે ઝડપાતો ન હતો. મિડીયા રિપોર્ટ મુજબ ૨૫ હજારનું ઈનામ ધરાવતા રવિની થાઈલેન્ડથી ધરપકડ કરવામાં આવી હતી. રવિ તેની ગર્લફ્રેન્ડ કાજલ ઝા સાથે ફરાર હતો. તેની ધરપકડથી અંદારી આલમના અનેક રહસ્યો ખુલવાની શક્યતા છે.સ્ક્રેપ માફિયા રવિ નાગર ઉર્ફે રવિ કાણા અને ગેંગના અન્ય ફરાર શખ્સો પર કાનૂનો ગાળિયો સતત મજબૂત થઈ રહ્યો હતો. તેની પત્ની મધુ નાગરની પણ ફેબ્રુઆરીમાં ધરપકડ થઈ હતી. ગેંગના અન્ય શક્સોની ધરપકડ સાથે જ પોલીસે જપ્તીની કાર્યવાહી માટે રવિ કાણાના મુળ ગામ દાદુપુર સ્થિત ઘર પર કલમ-૮૨ હેઠળની નોટીસ પણ ચિપકાવી હતી.ગયા મહિને રવિની ગેંગના ખાસ સભ્ય તરૂણ છોંકરની બીટા-૨ પોલીસે શનિવારે ધરપકડ કરી હતી. આરોપી એમબીએ પાસ છે અને પાણીના રેલાની જેમ અંગ્રેજી બોલે છે. તેની વિરૂધ્ધ ગેંગસ્ટર એક્ટ હેઠળ બીટા-૨ કોતવાલીમાં ગુનો દાખલ છે.

## બેંગ્લુરૂના એરપોર્ટ પર એટેચીમાંથી ૧૦ એનાકોન્ડા નીકળતા ચકચાર

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૩ ।

વિદેશમાંથી સોનું ચાંદી છુપાવીને લાવવાની વાત નવી નથી. પરંતુ બેંગ્લુરૂ એરપોર્ટ પર એક એવો કિસ્સો સામે આવ્યો છે જેમાં કસ્ટમ વિભાગને એટેચેમાંથી ૧૦ એનાકોન્ડા સાપ મળી આવ્યા હતા. બેંગ્લુરૂના કેમ્પેગૌડે ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કસ્ટમની ટીમને એક પ્રવાસીની બેગમાંથી ૧૦ એનાકોન્ડા સાપ મળી આવ્યા હતા. બોંગ્લુરૂ કસ્ટમ્સે ટ્વિટર પર ટ્વિટ કરીને આ માહિતી આપી હતી. જોમાં અધિકારીઓ એક દાણચોરની ધકપકડ કરી છે. કસ્ટમ વિભાગે ટ્વિટ કરતા જણાવ્યું હતું કે બેંગકોકથી આવનાર એક મુસાફરના ચેક ઈન દરમિયાન તેની એટેચીમાંથી પીળા રંગના ૧૦ એનાકોન્ડા મળી આવ્યા હતા. કસ્ટમ વિભાગે વન્યજીવ તસ્કરીનો પ્રયાસ નાકામ કરીને આરોપીને ઝડપી લીધો હતો. તેમમે કહ્યું હતું કે આ પ્રકારની તસ્કરી સહન કરાશે નહી. સીઆઈટીઈએસ અંતર્ગત સુરિબધ્ધ પ્રજાતિઓ સંમેલનની જોગવાઈઓને આધીન છે. બેંગકોકમાંથી વન્યજીવોની તસ્કરીનો આ પહેલો પ્રયાસ નથી.

### ચેન્નાઈના રેલવે સ્ટેશન પરથી રોકડ ઝડપાઈ હતી

# તમિલનાડુ-કેરળ બોર્ડર પર જંગી રોકડ સાથે એક વ્યક્તિ ઝડપાયો

## તમિલનાડુ-કેરળ સરહદ નજીક વાલ્યાર ચેકપોસ્ટ પર કોઈમ્બતુર અને ત્રિશૂર વચ્ચે ચાલતી બસની અંદર શોધખોળ ચાલી રહી હતી

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૩ ।

તમિલનાડુ-કેરળ સરહદી વિસ્તારના વાલ્યારમાં એક વ્યક્તિ લાખો રૂપિયાની રોકડ લઈને જતો પકડાયો છે. અધિકારીઓના હાથે ઝડપાયેલા વ્યક્તિ પાસેથી ૧૪ લાખ રૂપિયાથી વધુની રોકડ મળી આવી છે, જે તેણે પોતાના કપડાની અંદર અનોખી રીતે રાખી હતી. તમને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને અધિકારીઓ આંતરરાજ્ય વિસ્તારોમાં કિંમતી ધાતુઓ અને દવાઓની ગેરકાયદેસર દાણચોરીને રોકવા માટે સતત વાહનોની તપાસ કરી રહ્યા છે. અત્યારે દેશમાં નૈતિક આચારસંહિતા છે. આવી સ્થિતિમાં વ્યક્તિને માત્ર ૫૦ હજાર રૂપિયા લઈ જવાની છૂટ છે. જો કોઈ વ્યક્તિ આ રકમ કરતાં વધુ રોકડ લઈ જાય છે, તો તેના માટે જરૂરી દસ્તાવેજો જરૂરી છે. અધિકારીઓએ જણાવ્યું કે તમિલનાડુ-કેરળ સરહદ પર વાલ્યાર ચેકપોસ્ટ પર કોઈમ્બતુર અને થ્રિસુર વચ્ચે ચાલતી બસની અંદર તપાસ ચાલી રહી છે. આ દરમિયાન એક વ્યક્તિના કપડા શંકાસ્પદ લાગ્યા અને ત્યાર બાદ તેની તલાશી લેવામાં આવી. આ પછી



વ્યક્તિને બસમાંથી ઉતારીને પૂછપરછ કરવામાં આવી હતી. જ્યારે તેની તલાશી લેવામાં આવી તો અધિકારીઓને તે જોઈને આશ્ચર્ય થયું કે તે તેના કપડાની અંદરથી રોકડના બંડલ કાઢી રહ્યો હતો.વિનો નામની વ્યક્તિ પાસે ૧૪.૨૦ લાખ રૂપિયા હતા. રોકડ જપ્ત કરવામાં આવી હતી અને તેની માહિતી આવકવેરા વિભાગને આપવામાં આવી હતી. આગની તપાસ કરવામાં આવી રહી છે.આ મહિનાની શરૂઆતમાં અધિકારીઓએ તમિલનાડુની રાજધાની ચેન્નાઈના તાંબરમ રેલ્વે સ્ટેશન પર મોટી માત્રામાં રોકડ જપ્ત કરી હતી.

### ૨૪૦૦ શ્રદ્ધાળુઓ બૈસાખી પર્વમાં ભાગ લેવા આવ્યા હતા

# લાહોરમાં હાર્ટ એટેકથી ભારતીય શીખ યાત્રીનું મોત

## પાકિસ્તાની અધિકારીએ જણાવ્યું હતું કે તેનો મૃતદેહ વાઘા બોર્ડર પર ભારતીય સુરક્ષા દળોને સોંપવામાં આવ્યો છે

। (એજન્સી) લાહોર, તા.૨૩ ।

બૈસાખી ઉત્સવમાં ભાગ લેવા પાકિસ્તાનના લાહોર પહોંચેલા એક શીખ યાત્રીનું સોમવારે હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. ઈવેક્યુઈ પ્રોપટી બોર્ડના પ્રવક્તા અમીર હાશ્મીએ જણાવ્યું હતું કે પટિયાલાના રહેવાસી જરનૈલ સિંહના પુત્ર ૬૭ વષીય સરદાર જંગીર સિંહનું કાર્ડિયોપલ્મોનરી અરેસ્ટથી મૃત્યુ થયું હતું. આ સિવાય બૈસાખી ઉત્સવમાં ભાગ લેવા માટે ૧૩ એપ્રિલે વાઘા બોર્ડર થઈને પાકિસ્તાન પહોંચેલા લગભગ ૨,૪૦૦ ભારતીય શીખ તીર્થયાત્રીઓ સોમવારે તેમના વતન જવા રવાના થયા હતા. અમીર હાશ્મીએ જણાવ્યું કે, સરદાર જંગીર સિંહને ગુરુદ્વારા ડેરા સાહિબ લાહોરમાં રોકાઈને હાર્ટ એટેક આવ્યો હતો. આ પછી તેને તાત્કાલિક લાહોરની મેયો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. તેમનો મૃતદેહ વાઘા બોર્ડર પર ભારતીય સુરક્ષા દળોને સોંપવામાં આવ્યો છે.પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધન સમિતિના વડા અને પંજાબના પ્રધાન સરદાર રમેશ સિંહ અરોરા, PSGPC સભ્યો અને ETPB અધિકારીઓ દ્વારા તેમને વાઘા બોર્ડર પર જોવામાં આવ્યા હતા. સરદાર રમેશ સિંહે કહ્યું કે અમે પડોશી દેશોના મહેમાનોને આવકારવા હંમેશા તૈયાર છીએ. તેમના ૧૦ દિવસના રોકાણ દરમિયાન, ભારતીય શીખોએ ગુરુદ્વારા પંજા સાહિબ હસન અબ્દાલ ખાતેના મુખ્ય ઉત્સવોમાં ભાગ લીધો હતો.

### વકીલોએ હશ મની કેસમાં આરોપ લગાવ્યા

# ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૧૬ની ચૂંટણીમાં ભ્રષ્ટાચારનું કાવતરું ઘડ્યું હતું

## નવેમ્બરમાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડેમોક્રેટિક રાષ્ટ્રપતિ જો બિડેનને પડકાર ફેંકી રહેલા રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પે પોતાને નિર્દોષ જાહેર કર્યા છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૩ ।

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હશ મની કેસની સુનાવણી દરમિયાન ફરિયાદી મેથ્યુ કોલજેલોએ સોમવારે કહ્યું કે આ સમગ્ર મામલો 'છેતરપિંડીનું કાવતરું' છે. સમાચાર એજન્સી રોયટર્સે ફરિયાદીને ટાંકીને કહ્યું હતું કે, 'ટ્રમ્પે ૨૦૧૬ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભ્રષ્ટાચાર કરવાની ગુનાહિત યોજના ઘડી હતી.'આ આખો મામલો પોર્ન સ્ટાર સ્ટોમી ડેનિયલ્સને ૨૦૧૬ની રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલા મોં બંધ રાખવા માટે હશ પૈસા આપવાનો છે. ટ્રમ્પ પર પેમેન્ટ છુપાવવા માટે બિઝનેસ રેકોર્ડ ખોટા કરવાનો આરોપ છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ પર આ પ્રથમ ગુનાહિત ટ્રાયલ છે.નવેમ્બરમાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડેમોક્રેટિક રાષ્ટ્રપતિ જો બિડેનને પડકાર ફેંકી રહેલા રિપબ્લિકન ઉમેદવાર ટ્રમ્પે પોતાને નિર્દોષ જાહેર કર્યા છે. કોર્ટમાં, કોલજેલોએ કહ્યું કે ટ્રમ્પે 'વારંવાર જૂઠું બોલ્યું' અને ષડયંત્રને છુપાવવા માટે કુલ ૩૪ ચુકવણી સંબંધિત દસ્તાવેજોની



છેડછાડ કરી. તેમણે કહ્યું કે ટ્રમ્પનું તેમના બિઝનેસ રેકોર્ડમાં નિવેદન કે તેઓ તેમના વકીલ માઈકલ કોહેનને ચૂકવણી કરી રહ્યા છે તે ખોટું છે. રોઈટર્સે કોલજેલોને ટાંકીને જણાવ્યું હતું કે, 'કોહેનને કાનૂની સેવાઓ માટે ચૂકવણી કરવામાં આવી રહી ન હતી.'ટ્રમ્પના વકીલે કહ્યું કે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ નિર્દોષ છે અને તેમણે કોઈ ગુનો કર્યો નથી. તેણે સ્વીકાર્યું કે માઈકલ કોહેને સ્ટોમી ડેનિયલ્સને ચૂપ રહેવા માટે ચૂકવણી કરી હતી પરંતુ તે ચુકવણી ગેરકાયદેસર ન હતી. જો ટ્રમ્પને આ કેસમાં દોષિત ઠેરવવામાં આવે છે તો તેની અસર તેમની ઉમેદવારી પર પડી શકે છે.



આર્મ્ડ ફોર્સિસ મેડિકલ સર્વિસિસ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) સાથે સહયોગી સંશોધન અને તાલીમ માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતાં.

# ઇઝરાયલી સેનાએ રફાહમાં હવાઈ હુમલો કર્યો, શરણાર્થી કેમ્પ નષ્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૩ ।

ગાઝામાં હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ ખતમ થઈ રહ્યું નથી. હવે ઈઝરાયેલે ગાઝાના રફાહમાં મોટી સૈન્ય કાર્યવાહી કરી છે. આ સૈન્ય કાર્યવાહીમાં કોઈના ઘાયલ કે માર્યા ગયાના સમાચાર નથી. જોકે, એવું લાગે છે કે શરણાથી શિબિરને ઘણું નુકસાન થયું છે. જેના કારણે હવે ત્યાં રહેતા શરણાથીઓમાં ગભરાટનો માહોલ છે.પેલેસ્ટિનિયનોના મતે, ગાઝાન માટે એકમાત્ર સલામત સ્થળ રફાહને ફરી એકવાર નિશાન બનાવવામાં આવ્યું છે. ઈઝરાયેલની સેનાએ અહીં અનેક હવાઈ હુમલા કર્યા, પરંતુ આ હુમલાઓમાં કોઈને ઈજા થઈ નથી. જોકે, અહીં રહેતા શરણાથીઓના કેમ્પને ભારે નુકસાન થયું છે. રફાહમાં રહેતા એક પ્રત્યક્ષદશીએ જણાવ્યું કે અહીં રહેતા લોકોને ઈઝરાયેલની સેના તરફથી ચેતવણીનો કોલ આવ્યો હતો જેમાં તેમને વિસ્તાર છોડી દેવા માટે કહેવામાં આવ્યું હતું, કારણ કે તેમના ફાઈટર પ્લેન હુમલો કરવા માટે તૈયાર હતા.ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના સંઘર્ષે મોટાભાગના ૨.૩ મિલિયન લોકોને વિસ્થાપિત કર્યા છે, અને તેમાંથી ૧ મિલિયનથી વધુ લોકો હવે ઈજિપ્તની સરહદે રહે છે, પરંતુ તેમાંથી મોટા ભાગના દેશની દક્ષિણ સરહદ પર યુએન સરહદે રહે છે. તેઓ તંબુ અને કાર્ડબોર્ડ બોક્સમાં રહે છે.તે જ સમયે, ઈઝરાયેલની યુદ્ધ કેબિનેટે રવિવારે મોડી રાત્રે હમાસની ચુંગાલમાંથી બંધક નાગરિકોને છોડાવવા અંગે ચર્ચા કરી હતી. આ યુદ્ધ કેબિનેટમાં વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ, સંરક્ષણ પ્રધાન યોવ ગાલાન્ટ, નેશનલ યુનિટી પાટીના અધ્યક્ષ બેની ગેન્ટ્ઝનો સમાવેશ થાય છે.

### શોર્ટ સર્કિટના કારણે ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી હતી

# ગાઝિયાબાદમાં નિર્માણાધીન ત્રણ માળના મકાનમાં આગની ઘટનામાં એક દંપતીનું મોત

। (એજન્સી) ગાઝિયાબાદ, તા.૨૩ ।

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદમાં ત્રણ માળના નિર્માણાધીન મકાનમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. એજન્સી અનુસાર, પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ અકસ્માતમાં એક દંપતીનું મોત થયું છે. તેમણે જણાવ્યું કે શોર્ટ સર્કિટના કારણે ગ્રાઉન્ડ ફ્લોર પર આગ લાગી હતી, ત્યારબાદ ઘરમાં રાખેલા કેટલાક ફટાકડાઓમાં પણ આગ લાગી હતી.ઘરના માલિક ઈરફાન (૫૭) અને તેની પત્ની સમર જહાં (૫૫) ગંભીર રીતે દાઝી ગયા હતા. પોલીસે જણાવ્યું કે તેમના પરિવારના સભ્યો દંપતીને નજીકની હોસ્પિટલમાં લઈ ગયા જ્યાં તેમનું મૃત્યુ થયું.શાલીમાર ગાર્ડનના એસીપી સિદ્ધાર્થ ગૌતમે જણાવ્યું કે ઘરમાં રાખવામાં આવેલા ફટાકડા પરિવારે લગ્ન માટે ખરીદ્યા હતા. આ કાર્યક્રમ આગામી સપ્તાહમાં થવાનો હતો. તેણે જણાવ્યું કે પરિવારના સભ્યોએ ફટાકડાની રસીદ અને લગ્નનું કાર્ડ પણ બતાવ્યું.ચીફ ફાયર ઓફિસર રાહુલ પાલે જણાવ્યું કે આગના કારણની તપાસ કરવામાં આવી રહી છે. તેણે વધુમાં કહ્યું કે, 'શક્ય છે કે તે પોતાના ઘરની અંદર ફટાકડાનો સંગ્રહ કરી રહ્યો હોય, તેવી શક્યતાને નકારી શકાય નહીં.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

## ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાળંગપુર ધામમાં હનુમાનજીના દર્શન કર્યા

। (એજન્સી) બોટાદ, તા.૨૩ ।

આજે હનુમાન જયંતી પાવન પર્વ નિમિતે સાળંગપુર ધામ ખાતે હનુમાન જયંતિ ની ઉજવની ધામધૂમ પૂર્વક કરવામાં આવે છે. ઉજવણીના આ ઉત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ હાજર રહ્યા અને દાદા ના આશીર્વાદ મેળવ્યા.દર વર્ષની જેમ આ વર્ષે પણ હનુમાનજીના પાવન અવસરે સાળંગપુર ગામ ખાતે અનેક ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમૂહ મારુતિ યજ્ઞ અને સાથે જ હનુમાનજી દાદાને ધરાવેલા મહાઅન્નકૂટની આરતી નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આરતી થયા હતા તેમણે પૂર્ણ શ્રદ્ધાથી હનુમાનજી દાદાની આરતી કરી અને સૌ લોકોના સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના પણ કરી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દાદાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા બાદ બીએપીએસ મંદિર ખાતે પણ દર્શન કર્યા હતા. દ્વારા સીએમ નું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને જગ્યાએ દર્શન કરી મુખ્યમંત્રી હેલિકોપ્ટર મારફતે ગાંધીનગર જવા રવાના થયા હતા. સાળંગપુર ખાતે હનુમાન જયંતિ ની ભવ્ય અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સંતો, અગ્રણીઓને અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા



હનુમાનજીના જન્મદિવસ નિમિતે કાલુપુર સ્વામિનારાયણ મંદિરમાં ભગવાનના અન્નકુટ દર્શન.

### સલમાન ખન્ના ઘરે ફાયરિંગ મામલો

# સુરતની તાપી નદીમાંથી મળી ૨ રિવોલ્વર સાથે અન્ય વસ્તુઓ પણ મળી

## મુંબઈ ક્રાઇમ બ્રાન્ચને ૨ રિવોલ્વર, કાર્ટીઝ અને સાથે ૪ મેગેઝિન પણ મળ્યા છે

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

ફિલ્મ સ્ટાર સલમાન ખાન ના ઘરે બનેલી ફાયરિંગની ઘટનાને લઈને તપાસ જોરશોરથી ચાલી રહ્યો છે.આ કેસમાં તપાસ દરમ્યાન ગુજરાત કનેકશન બહાર આવ્યું હતું. આરોપીઓએ ભુજ જતા પહેલા ગુનામાં વપરાયેલી રિવોલ્વર તાપી નદીમાં ફેંકી દીધી હતી.મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને ૨ રિવોલ્વર, કાર્ટીઝ અને સાથે ૪ મેગેઝિન પણ મળ્યા છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે બે દિવસ તપાસ કરીને આખરે તાપી નદીમાં વિવિધ રીતે સર્ચ કરીને રિવોલ્વર અને કાર્ટીઝ મેળવી લીધા છે. અને હવે રિવોલ્વરની FSL ની ટિમ દ્વારા તપાસ કરવામાં આવશે. અને પુરાવા એકઠા કરવામાં આવશે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની સુરતની તાપી નદી તપાસ કરી રહેલી શોધ તેમને ૨૪ કલાકમાં સફળતા મળી હોવાનું કહેવાઈ રહ્યું છે. હવે આ રિવોલ્વર સલમાન ખાન કેસમાં આરોપી દ્વારા ફેકાઈ હતી તે જ છે કે અન્ય કોઈ તપાસ કરવામાં આવશે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓની ધરપકડ કરી હતી અને આરોપીઓની પૂછપરછ માં તેઓ ફાયરિંગ કરીને ભાગ્યા ત્યારે સુરત થી



અમદાવાદ જતા સમય રિવોલ્વર તાપી નદીમાં ફેક દીધી હોવાની કબુલાત કરી હતી.જેને લઈને મુંબઈ પોલીસ ની એક ટીમ સુરત આવી પહોંચી હતી. સાથે સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ હતી. અને તરવૈયાઓની મદદ લઈ તાપી નદીમાં હથિયાર શોધખોળ શરૂ કરી હતી.

ફાયરિંગ કરનાર આરોપીઓ મુંબઈથી અમદાવાદ ટ્રેનમાં અને ત્યારબાદ ત્યાંથી બસમાં ગયા હતા અને આખરે કચ્છથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. જો કે મુંબઈથી નીકળ્યા અને કચ્છ પહોંચે તે સમયે ટ્રેનમાંથી તેમણે ફાયરિંગમાં વાપરવામાં આવેલી રિવોલ્વર સુરતની તાપી નદીમાં ફેંકી દેવાની કબુલાત કરી હતી.

## ગુજરાત કોંગ્રેસની સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં હાલ કોંગ્રેસ ચારો ખાને ચિત્ત થઈ ગયા જેવી સ્થિતિ છે. માંડ માંડ ભેગા કરીને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો ઉભા કર્યા, ત્યારે ભાજપ ઉમેદવારોને જ નિશાન બનાવી રહ્યું છે. ચૂંટણી પહેલા કોંગ્રેસે સુરત લોકસભા સીટ ગુમાવી છે. છતાં કોંગ્રેસ હારી નથી. કોંગ્રેસે ગુજરાતમાં સ્ટાર પ્રચારકોનું લિસ્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં લોકસભા અને વિધાનસભા પેટા ચૂંટણી માટે કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. ત્યારે ગુજરતમાં કોંગ્રેસના કયા કયા નેતાઓ ચૂંટણી પ્રચાર કરશે તે જોઈ લો. લોકસભાની ચુંટણી અને વિધાનસભાની પેટા ચુટંણી માટે કોગ્રેસના સ્ટાર પ્રચારકનું લિસ્ટ જાહેર કર્યુ છે. કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદીને ચુટંણી પંચની મહોર લાગી છે. ગુજરાતના સ્ટાર પ્રચારોમાં નેશનલ કોંગ્રેસના નેતાઓ સામેલ છે. જેમાં એઆઈસીસી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સ્ટાર પ્રચારક છે. તો પુર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મહામંત્રી પ્રિયંકા ગાંધી પણ સ્ટાર પ્રચારક બન્યા છે. કેસી વેણુગોપાલ , મુકુલ વાસનીક અશોક ગહેલોતનો પણ લિસ્ટમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત રણદિપ સુરજેવાલ, સચિન પાયલટ, ઉષા નાયડુ, રામકિશન ઓઝા સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ છે. ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ છે.

### સિંધુ ભવન રોડ પર રહેતા બિલ્ડર સાથે વિચિત્ર ઘટના બની

# બિલ્ડર અને તેની મંગેતર વીડિયો ક્લિક કરતા હતા, ૨ ગઠિયાએ ચપ્પુ બતાવી લૂંટ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

અડાલજ પોલીસ સ્ટેશનમાં સિંધુ ભવન રોડ પર રહેતા બિલ્ડર સાથે વિચિત્ર ઘટના બની હતી. તે પોતાની મંગેતર સાથે ગાંધીનગરના રૂટ પર આવેલી નર્મદા કેનાલ છે ત્યાં લોન્ગ ડ્રાઈવ પર ગયા હતા. જ્યાં ફોટોશૂટ અને વીડિયો શૂટ કરતા સમયે રવિવારે અચાનક ૨ ગઠિયાઓ બાઈક પર તેમની પાસે આવ્યા અને હાથમાં ચપ્પુ બતાવીને ધમકાવવા લાગ્યા હતા. એટલું જ નહીં આ કપલને જાનથી મારી નાખવાની ધમકી આપી આ લોકોએ લૂંટ ચલાવતા જોવાજેવી થઈ હતી. લગભગ સૂર્યાસ્તના સમયે આ ઘટના બની અને કપલ સ્તબ્ધ થઈ ગયું હતું. અમદાવાદના સિંધુભવન રોડ



પર આવેલા શાંતિનિકેતન બંગ્લોઝના રહેવાસી ૨૬ વર્ષીય સૃજલ દેવાણી સાથે આ ઘટના બની છે. તેઓ રિયલ એસ્ટેટની કંપની ચલાવે છે અને હમણા થોડા સમય પહેલા જ તેમની સગાઈ થઈ હતી. તેમની મંગેતર અંકલેશ્વર વિસ્તારમાં રહે છે. તેવામાં રવિવારે સાંજે બિલ્ડર તેમની મંગેતર સાથે જીર રોડ પર લોન્ગ ડ્રાઈવ પર નિકળ્યા હતા. ત્યારપછી તેમને ફોટોશૂટ અને વીડિયોશૂટ માટે નર્મદા કેનાલ તરફ જવાનું પસંદ કર્યું હતું. અહીં બંને એકબીજાના ફોટો ક્લિક કરી આપ તા હતા અને પછી વીડિયોઝ પણ શૂટ કરતા હતા. ત્યાં નજીકમાં એક રેલવે બ્રિજ છે તેની આસપાસ લગભગ ૬ વાગ્યે ૨ લોકો બાઈક લઈ અને આ કપલ પાસે આવ્યા હતા. બાઈક ચાલક બંને યુવકો અંદાજે ૨૫ વર્ષના હોવાની માહિતી મળી રહી છે. તેમણે બાઈક રોકી અને બાદમાં બિલ્ડરને પૂછ્યું કે તમે ક્યાંથી આવ્યા છો. ત્યારે તેણે કહ્યુ કે અમે જ્યાંથી આવ્યા હોય ત્યાંથી હવે તારે શું કામ છે? તો તરત જ એક બાઈક ચાલકે ચપ્પુ કાઢ્યું અને કીધુ કે વધારે બોલવા લાગ્યા છો તમે. ત્યારપછી તેણે કહ્યુ કે જો જીવ વ્હાલો હોય તો એક કામ કર તારો મોબાઈલ ફોન મને આપી દે. ત્યારપછી બિલ્ડરે તેનો ફોન આપી દીધો અને બાદમાં આ બંને શખસોએ રૂપિયા પણ માગ્યા હતા. જોકે આ સમયે બિલ્ડરે કહ્યું કે મારી પાસે કેશ નથી તો તેમણે ગોલ્ડની ચેઈન પરાણે માંગી અને બિલ્ડરની મંગેતરે તે ડાયમંડનું કડુ અને ગોલ્ડ નેકલેસ પહેર્યું હતું તે પણ માગી લીધું હતું.ગઠિયાઓએ ત્યારપછી બંનેની ગાડીની ચાવી લઈ લીધી અને દૂર જઈને ફેંકી દીધી હતી. જોકે બિલ્ડરની મંગેતર તેના ફોનમાં આ બંનેનો ફોટો ક્લિક કરી દીધો હતો. જેના બાદ બિલ્ડરે તેના પિતાને ફોન કર્યો અને સમગ્ર હકિકત જણાવી દીધી હતી. ત્યારપછી અડાલજ પોલીસ સ્ટેશને તેમણે આ ઘટનાક્રમ અંગે ફરિયાદ નોંધાવી દીધી હતી.

## મામેરુ લઈને જઈ રહ્યા હતા ૨૫ લોકો ટેમ્પો પલટાઈ જતા સર્જાયો અકસ્માત

। (એજન્સી) વડોદરા, તા.૨૩ ।

દિવસ દિવસે અકસ્માત સર્જવાની ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે વધુ એક ગંભીર અકસ્માત વડોદરામાં સર્જાયો છે. વડોદરા ના ડેસર માં અકસ્માત સર્જવાની ઘટના સામે આવી છે જેમાં મામેરુ લઈને જતાં માણેકલા ગામના લોકોને અકસ્માત નડ્યો છે ઈકો કાર ને બચાવવા જતા ટેમ્પો પલટી ખાઈ જતા તેમાં સવાર ૨૫ લોકોમાંથી ૧૪ લોકો ઘાયલ થયા છે જોકે મોસાળના લોકો ઘાયલ થતાં.જે પ્રસંગમાં જઈ રહ્યા હતા. તે પ્રસંગ પણ અટકાવી દેવામાં આવ્યો છે. આ અકસ્માતમાં ઘાયલ થયેલા ૧૪ લોકોને ગંભીર ઈજા થતા તેમને તાત્કાલિક વડોદરાની SSG હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### રાજુલા-સાવરકુંડલા સ્ટેટ હાઈવે બ્રિજ પર પડ્યું ગાબડુ

। (એજન્સી) અમરેલી, તા.૨૩ ।

રાજયમાં ભ્રષ્ટાચારનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. અમરેલીમાં રાજુલા-સાવરકુંડલા સ્ટેટ હાઈવે ઉપર બ્રિજ શરૂ કરતા જ ગાબડું પડ્યું છે. ૨ માસ પહેલા જ બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને આજે ગાબડું પડ્યું છે. મસમોટા ગાબડાને લઈ નબળી ગુણવતા સામે આવી છે. વીડિયો વાયરલ થતા સ્ટેટ હાઈવેના કર્મચારીઓ દ્વારા એક સાઈડનો બ્રિજ બંધ કર્યો અને એક બ્રિજ શરૂ રાખ્યો હતો. ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાકીદે ગાબડું બુરવા આદેશ આપવામાં આવ્યો છે. ગત મહિને પીએમ મોદીએ અમરેલીને મોટી ભેટ આપી હતી. સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લા માટે મંજુર થયો હતો.

### અમદાવાદમાંથી ભારત સરકારના હોમ ડિપાર્ટમેન્ટનો નકલી અધિકારી ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

રાજ્યમાં દિવસેને દિવસે નકલી વસ્તુઓની ઘટનાઓ સામે આવી રહી છે. થોડા સમય પહેલા તો નકલી સરકારી ઓફિસ પણ સામે આવી હતી, ત્યારે આજે અમદાવાદમાંથી ભારત સરકારના હોમ ડિપાર્ટમેન્ટનો નકલ અધિકારી ઝડપાયો છે. આ યુવક પોતાની કારની ઉપર લાલ લાઈટ લગાવીને રોફ જમાવતા પોલીસના હાથે ચડ્યો હતો. જે બાદ પોલીસે વધુ પૂછપરછ કરતા સમગ્ર માહિતી સામે આવી હતી. ભારત સરકારના હોમ ડિપાર્ટમેન્ટના અધિકારી બનીને રોફ જમાવતા નબીરાની પોલીસે ધરપકડ કરી છે.

### રાજકોટમાં પરશોતમ રૂપાલાનું નીવેદન

# હનુમાનજીની કૃપાથી સુરતમાં કમળ આવી ગયું છે : પરશોતમ રૂપાલા

## સુરતના કલેક્ટરે જીતનું સર્ટિફિકેટ આપ્યું : ભાજપના અગ્રણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી

। (એજન્સી) સુરત, તા.૨૩ ।

સુરતમાં છેલ્લા બે દિવસ સુધી ચાલેલા હાઈ વોલ્ટજ રાજકીય ડ્રામાનો ગઈકાલે અંત આવ્યો. સુરત લોકસભા બેઠક પર ભાજપનાં ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થતાં તમામ ભાજપના અગ્રણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. ત્યારે હવે આ અંગે રાજકોટ લોકસભા ઉમેદવાર પરશોતમ રૂપાલાએ પણ નિવેદન આપ્યું છે. પરશોતમ રૂપાલાએ કહ્યું કે સુરતમાં પ્રથમ કમળ ખીલ્યું છે, દેશભરમાં કમળનો ખીલવાનો પ્રવાહ અવિરત રહેશે. ગુજરાતમાં ૨૫માંથી ૨૫ બેઠકો પર કમળ ખીલશે. સુરતમાં થયેલા રાજકીય ડ્રામાનાં અંત બાદ રાજકોટ બેઠકના ભાજપ ઉમેદવાર રૂપાલાએ આ અંગે નિવેદન આપ્યું છે. પરશોતમ રૂપાલાએ પહેલા હનુમાન જયંતિની શુભકામનાઓ પાઠવી. એ પછી તેમણે કહ્યું કે "હનુમાનજી મહારાજની કૃપાથી ભારતીય જનતા પક્ષની ઝોળીમાં સુરતનું એક કમળ આવી ગયું છે. જેની આપ સૌને શુભકામનાઓ. હનુમાન જયંતિની આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ. દેશભરમાંથી આ એક શુકન થયા છે, અને આ શુકનનો પ્રવાહ આખા દેશની અંદર આગળ વધશે."



### ગુજરાતમાં ૨૫ બેઠકોમાંથી એક પર ભાજપનો વિજય થઈ ચુક્યો છે

ચૂંટણી વગર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ વિજયી બન્યા છે, ત્યારે ભાજપના ઉમેદવારને કલેકટરે જીતનું સર્ટિફિકેટ આપી દીધું છે. મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે મુકેશ દલાલને શુભેચ્છાઓ પાઠવી, તો બીજી તરફ ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે પત્રકાર પરિષદ યોજી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે કહ્યું કે, મુકેશ દલાલનો દેશના વિકાસમાં મોટો ફાળો રહેશે. ચૂંટણી પહેલા કોંગ્રેસે ડ્રામા કર્યો છે. તમામ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા મુકેશ દલાલ બિનહરીફ વિજેતા થયા છે. વહીવટી તંત્ર ઉપર દબાણ લાવવા કોંગ્રેસે પ્રયાસ કર્યો છે. આજે સત્ય બહાર આવ્યું છે. તેમણે ઉમેર્યું કે, ૪૦૦ પારના લક્ષ્યાંકમાં સુરત બેઠકની પહેલ છે. ગુજરાતમાં ૨૫ બેઠકોમાંથી એક પર ભાજપનો વિજય થઈ ચુક્યો છે, ત્યારે ભાજપે સુરતમાં ઈતિહાસ રચી દીધો છે. કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થતાં સાત જેટલા ઉમેદવારો મેદાને હતા.

## છેલ્લા દસ વર્ષમાં એ. એમ. ટી. એસ. ની તથા ખાનગી ઓપરેટરોની બસો દ્વારા ૭૨૮૩ અકસ્માતો થયા છે

### તેમાં ૧૧૬ વ્યકિતઓના મૃત્યુ જેથી સત્તાધારી ભાજપના રાજમાં એ.એમ.ટી.એસ.ની બસો સેવા માટે નહી પણ ફરતાં યમદુત સમાન

। અમદાવાદ, તા.૨૩ ।

તા.૧૯-૦૪-૨૪ના રોજ કાંકરીયા ભુલાભાઈ ચાર રસ્તા પાસે એ.એમ. ટી.એસ.ની બસ દ્વારા ૫૨ વર્ષના નવિનભાઈ પટેલ નામની વ્યકિતને પુરઝડપે આવી રહેલ બસની ટક્કર વાગતાં તેઓનું થયેલ મૃત્યુ મૃત્યુગ્રસ્તના પરિવારને પુરતું યોગ્ય વળતર ચૂકવો.

છેલ્લા દસ વર્ષમાં એ.એમ.ટી.એસ. તથા એ.એમ.ટી.એસ. ના ખાનગી ઓપરેટરોની બસો દ્વારા નાના મોટા અકસ્માતો મળી કુલ ૭૨૮૩ થયેલ તેમાં કુલ ૧૭૧ વ્યકિતઓના મૃત્યુ થયેલ છે તેમાં મોટાભાગના અકસ્માતોમાં પોલીસ ફરિયાદ નહી થતાં મામલો રફેદફે કરી દેવાય છે જેને કારણે તાજેતરમાં તા.૧૯-૦૪-૨૪ના રોજ કાંકરીયા ભુલાભાઈ ચાર રસ્તા પાસે એ.એમ.ટી.એસ.ની બસ દ્વારા ૫૨ વર્ષના નવિનભાઈ પટેલ નામની વ્યકિતને પુરઝડપે આવી રહેલ બસની ટક્કર વાગતાં તેઓનું મૃત્યુ થવા પામેલ છે. એ.એમ.ટી.એસ.ની બસોના ખાનગી ઓપરેટરોની બસોના ડ્રાઈવરો દ્વારા અકસ્માતો થાય તે બસોના ખાનગી ઓપરેટરો સત્તાધારી ભાજપના મળતીયાઓ છે જેને કારણે તેઓ સામે કોઈ કાર્યવાહી થતી નથી તેમજ કોન્ટ્રાકટરોને કોઈ વળતર પણ ચૂકવવાની ફરજ પણ પાડવામાં આવતી નથી માત્ર પોલીસ ફરિયાદ કરી કેસ રફે દફે કરી દેવાય છે એ.એમ.ટી.એસ.ની બસો ખાનગી ઓપરેટરોને ચલાવવા માટે આપેલ છે તે બસોના ઘણા ડ્રાઈવરો શિખાઉ અથવા લાયસન્સ ધરાવતાં નથી ચાલુ બસે મોબાઈલ પર વાતો કરતાં હોય છે દારૂ પીને બસો ચલાવતાં હોય છે. જેથી અસામાન્ય વધુ સ્પીડમાં ડ્રાઈવર દ્વારા કંટ્રોલ ના થતો હોઈ અકસ્માત કરી બેસે તેવી ઘટના અવારનવાર બનવા પામે છે તેમ છતાં સત્તાધારી ભાજપના હોદ્દેદારો મળતીયા કોન્ટ્રાકરોને છાવરે છે શા માટે ?

એ.એમ.ટી.એસ ની બસો દ્વારા ૭૨૮૩ જેટલા અકસ્માત થવાની ઘટના ચિંતાંજનક છે આવા બનાવો બનતા તાકીદે રોકવા જવાબદાર ખાનગી બસના ઓપરેટર કોન્ટ્રાકટરોને તાકીદે બ્લેક લીસ્ટ કરો અને અકસ્માતગ્રસ્તને પુરતું યોગ્ય વળતર ચૂકવવા કોન્ટ્રાક્ટરો ફરજ પાડવા માટે તાકીદે કાર્યવાહી કરવા કોંગ્રેસ પક્ષની માંગણી છે.

# ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ ક્ષત્રિય આગેવાનો સાથે બંધ બારણે યોજી બેઠક

## બનાસકાંઠાના ડીસાની એક હોટલમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને બોલાવાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૩ ।

લોકસભાની ચૂંટણી પ્રસંગે, ભાજપ દ્વારા યોજાતા જાહેર કાર્યક્રમોમાં પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ મંચ પર સ્થાન ના લેતા હોવાથી ભારતીય જનતા પાર્ટીમાં ચિંતા પ્રસરી છે. રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ભાજપે છેલ્લા બે દિવસથી કવાયત હાથ ધરી છે. બનાસકાંઠાના ડીસાની એક હોટલમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને બોલાવાયા હતા.

લોકસભાની રાજકોટ બેઠકના ભાજપ ના ઉમેદવાર પરશોત્તમ રુપાલા વિરુદ્ધ ક્ષત્રિયોમાં ફેલાયેલા આક્રોશને ઠારવા અને લોકસભા ચૂંટણી ટાણે ભાજપને વધુ રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ગૃ હપ્રધાન હર્ષ સંઘવીએ છેલ્લા બે દિવસથી પ્રયાસો હાથ ધર્યા છે. સૌરાષ્ટ્રમાં બેઠક યોજયા બાદ, હવે હર્ષ સંઘવીએ આજે બનાસકાંઠાના ડીસાની હોટલમાં ક્ષત્રિય આગેવાનો સાથે બંધ બારણે બેઠક યોજી હતી. લોકસભાની ચૂંટણી પ્રસંગે, ભાજપ દ્વારા યોજાતા જાહેર કાર્યક્રમોમાં પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ મંચ પર સ્થાન ના લેતા હોવાથી ભારતીય જનતા પાર્ટીમાં ચિંતા પ્રસરી છે. રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ભાજપે છેલ્લા બે દિવસથી કવાયત હાથ ધરી છે. બનાસકાંઠાના ડીસાની એક હોટલમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને બોલાવાયા હતા. બંધ બારણે બોલાવેલી બેઠકમાં, પાટણના સંસદ સહિત બંને જિલ્લાના આગેવાનો હાજર રહ્યાં હતા. પરશોત્તમ રૂપાલાની ટિકિટ ન કાપતા ક્ષત્રિયોમાં વધતી જતી નારાજગીને ડામવાનો પ્રયાસ કરાયો હતો.

## ગુજરાતમાં ૧૩,૬૦૦થી વધુ બૂથ છે સંવેદનશીલ, જ્યાં ગોઠવાશે ચુસ્ત બંદોબસ્ત

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૩ ।

લોકસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. જ્યારે દેશમાં કુલ સાત તબક્કામાં ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યુ છે.જેમાંથી પ્રથમ તબક્કાનું મતદાન થઈ ચૂક્યુ છે. મતદાન કરવાથી કોઈ બાકી રહીના જાય તે માટે ચૂંટણી પંચે નાની બાબતોનું પણ ખાસ ધ્યાન રાખ્યુ છે.ગુજરાતમાં લોકસભાની ચૂંટણીનું મતદાન ૭ મે ના રોજ થશે. જેના પગલે ગુજરાતમાં ૫૦,૭૮૭ બૂથ તૈયાર કરવામાં આવ્યા છે જે પૈકી ૧૩,૬૦૦થી વધુ સંવેદનશીલ બૂથ તૈયાર કરવામાં આવ્યા છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨